એપ્રિલ-૨૦૨૪
વર્ષ : ૧૬
અંક : ૧૦
મુલ્ય : રૂા. ૨૦/-


શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

સહ વીર્યં કરવાવહૈ


# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)



મહાસભાના કાર્યવાહક પ્રમુખ
શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
એવં
મહાસભાના પ્રસ્તાવિત પ્રમુખ
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કોર કમિટિની તત્કાલ બેઠક - ગાંધીનગર



અંજાર ઘટક આયોજીત ૫૧મો વસંતપંચમી સમુહ લગ્નોત્સવમાં ઉપસ્થિત સમાજના મહાનુભાવશ્રીઓ...

If undelivered please return to :
Setu Samaj Sandesh
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258



Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

|| વિદ્યાદાન મહાદાન ||   || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ ||   || સા વિદ્યા યા વિમુક્તયે ||

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્ત્રોત :

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



વર્ષ : ૧૬ અંક : ૧૦ એપ્રિલ-૨૦૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માલિક, માનદ્ તંત્રી, પ્રકાશક ::



મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



સંજયભાઈ લીલાધરભાઈ પરમાર
'કુશ', પ્લોટ નં. ૪બી, વિજયનગર, જુની કોર્ટ પાછળ,
અંજાર (કચ્છ) 370 110.M. 9429007445

સલાહકાર (Advisor)
વિનોદ શાંતિલાલ જેઠવા

આર્થિક સલાહકાર
નિખિલ ધનજીભાઈ ચૌહાણ

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ


કોઈપણ ધર્મ, જાતી કે સંપ્રદાયમાં પ્રાર્થનાનું અનેરૂં અને આસ્થા ભર્યું મહત્વ છે. દરરોજ ઈશ્વરને પ્રાર્થના કરવાથી અંતઃકરણ પવિત્ર બને છે. સ્વભાવમાં પરિવર્તન આવે છે. હતાશા અને નિરાશા નિકળી જાય છે. પ્રાર્થનાએ આત્માનો ખોરાક છે. તેનાથી મનને શાંતિ અને તાજગી મળે છે તથા દિલમાં ઉમંગ પ્રગટે છે. આજે ચારે બાજુથી ઘેરાયેલા માનવીને શાંતિ, સાંત્વના અને સકારાત્મક વાતાવરણની ખુબજ જરૂર છે. માણસની જવાબદારીઓભરી દિનચર્યાનો પ્રારંભ સવારની પ્રાર્થનાથી થવો જોઈએ તેવી સલાહ સામાજીક, આધ્યાત્મિક અને ધાર્મિક તત્વચિંતકો તરફથી હંમેશા આપણને મળતી રહે છે. કારણ કે પ્રાર્થન એ આત્માના અવાજને પરમાત્મા સુધી લઇ જનાર સંદેશવાહક છે. દિવસની શરૂઆતમાં કરવા યોગ્ય સારામાં સારી પ્રાર્થના એ છે કે આપણા એ દિવસની એક પણ ક્ષણ વ્યર્થ જવી જોઇએ નહીં.

સ્વામી રામકૃષ્ણ પરમહંસને કોઇએ પુછ્યું કે પ્રાર્થનાની અસર શી છે ? જવાર આપતાં સ્વામીજીએ જણાવ્યું કે, મન અને વાણી એક થઇને પ્રાર્થના સ્વરૂપે કોઇ વસ્તુની માગણી કરે છે ત્યારે તે તુરંત મળી રહે છે... પૂર્ણ અથવા આંશિક સ્વરૂપે ઇચ્છા પૂર્તિનું માધ્યમ એટલે પ્રાર્થના. દરેક વર્ગ, સમુદાય કે સમાજ ''સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા''ની ભાવના ધરાવે છે ત્યારે પ્રાર્થનાનું મહત્વ જીવનમાં ઉતારવું જરૂરી છે. કારણ કે તેનાથી માનવીની બુદ્ધિમતાનો પણ વિકાસ થાય છે. બુદ્ધિમતા તરફ આગળ વધવા માનવીને ત્રણ મોટા મુકાબલાનો સામનો કરવો પડે છે. જેમાં પ્રકૃતિ સાથેનો મુકાબલો, માનવ-માનવ વચ્ચેની સ્પર્ધા અને માનવીની પોતાની જાત-અંતરાત્મા સાથે લડાઇ... આ ત્રણેય મુકાબલાનો સ્વસ્થ અને સાત્વિક રીતે સામનો કરવાની પ્રેરણા અને નૈતિક હિંમત આપણને પ્રાર્થના આપે છે. પાંચ મિનીટની પ્રાર્થના વગર આપણને જીવન જીવવાનું માર્ગદર્શન આપે છે તો આપણે તેને અવશ્ય જીવનમાં ઉતારવું જોઇએ અને તેમાં જ આપણું અને સમાજનું હિત સમાયેલું છે.

**વિનોદભાઈ એલ. ચૌહાણ**
**(પોસ્ટ એન્ડ પ્રિન્ટીંગ)**


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



કાર્યવાહક પ્રમુખશ્રી મહાસભા
શ્રી મનોજભાઈ પુરૂષોતમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ,
પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
Mob. 9825428100

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1
અંજાર (કચ્છ) 370 110
Mob. 09978790488



**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**
Main Office : Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**
ANJAR Office : Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**

## પ્રમુખ સ્થાનેથી...

સર્વે સમાજબાંધવાને નમસ્કાર.... જય સિયારામ...

સમાજ દ્વારા મહાસભાના સત્ર ૨૪-૨૬માં પ્રમુખ પદ પરથી શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાની નિયુક્તિ થયેલ પરંતુ સંજોગોવસાત તેમણે પ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધેલ હોઇ અને તેના સ્વીકાર પ્રક્રીયા પૂર્ણ થતાં મહાસભાના ચાલુ સત્ર માટે પ્રમુખ પદ રીક્ત થયેલ હોઇ મહાસભાની તા. ૧૫-૩-૨૦૨૪ના રોજ ગાંધીનગર ખાતે કોર કમિટિની તત્કાલ મીટીંગ બોલાવેલ જેમાં જ્યાં સુધી પ્રમુખની વરણી પ્રક્રિયા કરી રેગ્યુલર નવા પ્રમુખ નિયુક્ત ન થાય ત્યાં સુધી મહાસભાના આ પદ માટે ચર્ચાને અંતે સર્વાનુમતે કાર્યકારી પ્રમુખના પદ પર મારી વરણી કરવામાં આવી તે બદલ કોર કમીટી તેમજ સમગ્ર સમાજ ઉપરાંત આપણા સૌના ઇષ્ટદેવ ભગવાન શ્રી રામના ચરણોમાં વંદન સાથે ખૂબ ખૂબ આભાર માનું છું.

મારામાં વિશ્વાસ મુકી જે જવાબદારી સોંપી છે તેને નિષ્ઠાપૂર્વક સમાજહિતને ધ્યાનમાં રાખી નિભાવવા માટે તન, મન, ધનથી પ્રયત્ન કરીશ તેની આપ સૌને ખાત્રી આપું છું અને મારા સમય દરમ્યાન નવા કાયમી પ્રમુખની નિયુક્તિની પ્રક્રિયા કરવાની હોઇ આપ સૌના સાથ-સહકારથી પ્રક્રિયા વહેલામાં વહેલી પૂર્ણ થાય તેવા પ્રયત્ન રહેશે અને આ પદ માટે કોર કમીટીમાં ચર્ચા થયા બાદ ઉચીત નામનો વિચાર વિમર્શ કરતાં પ્રસ્તાવીત નામ નક્કી કરવામાં આવ્યું. તે નામ આપણા સૌના આદર્શ, લોકપ્રીય વ્યક્તિત્વ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરનું છે. જેના માટે સમગ્ર સમાજમાં એકમત છે અને આદરણીય શ્રી વિનોદભાઇ પ્રમુખ થાય તે માટે સમાજમાં ઘણા સમયથી અનેક સમાજબંધુઓ રાહ જોઇ રહ્યા હતા. આ પદ પર જવાબદારી લેવા માટે તેમની સહમતિ પણ મળી ગઇ છે. જેને લઇને સમાજમાં ખૂબજ ઉત્સાહનો માહોલ અને સકારાત્મક પ્રતિભાવો મળી રહ્યા છે. હવે કાયદેસરની પ્રક્રિયા વહેલામાં વહેલી તકે પૂરી કરવા આયોજન કરવામાં આવશે.

કાર્યવાહક પ્રમુખ પદ પરથી સમાજબાંધવોને નમ્ર અપિલ કરૂં છું કે, આપણા પૂર્વજોએ સમાજ કલ્યાણના શુભ હેતુથી આ સંગઠન ઉભું કરેલ છે. સમાજ ઉત્કર્ષ માટેની અનેક યોજનાઓ આપણે ચલાવી રહ્યા છીએ. પરંતુ આ માતૃસંસ્થા આજ રીતે કાર્ય કરતી રહે અને ઉતરોત્તર પ્રગતી કરી લક્ષ્ય સિદ્ધી કરે તે માટે આપણા સૌની ફરજ છે કે વ્યક્તિ લાભાલાભ, માન, સન્માન દષ્ટીમાંથી બહાર નીકળી સમાજના લાભાલાભ, માન, સન્માનની દષ્ટીનો પ્રયત્નની આવશ્યતા છે.

મહાસભાના કાર્યકારી પ્રમુખશ્રીના પદ પર નિયુક્તિ નિમિત્તે આપ સૌની શુભેચ્છાઓ અને અભિનંદન આપવા બદલ આપ સૌનો ખુબ ખુબ આભાર સહ નમન... હું એક કાર્યકર્તા છું અને પદ એ કાર્ય કરવા માટે આપ દ્વારા આપવામાં આવેલી શક્તિ છે. વિશ્વાસ છે, સહયોગ છે અને સમર્થન છે. જેના આધારે ૬૦,૦૦૦ સમાજબાંધવોના હિતમાં સહયોગી કાર્યકર્તાઓની સામુહિક શક્તિથી ઉત્કર્ષના કાર્યો કરવા માટે શિર્ષ નેતૃત્વની ભૂમિકાની જવાબદારી સોંપી છે ત્યારે પરમાત્માને આગળ રાખીને નિષ્ઠાપૂર્વક સમજ અને હોશમાં રહી પૂર્ણ કરવાનો પ્રયત્ન કરીશ તેની હું આપ સૌને ખાત્રી આપું છું અને આપના દ્વારા પણ વિશ્વાસ સાથે સહકાર મળે તેવી અપેક્ષા રાખું છું. આપણે સૌ પ્રયાસોમાં જરૂર સફળ થઇશું તેવો મને પરમાત્મા પર પુરો ભરોસો છે. ફરી ફરીને ખુબ ખુબ આભાર... જય સીયારામ... જય સમાજ...

**આપનો પ્રધાન કાર્યકર્તા**
**મનોજ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપર**


# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરના સુપુત્ર MJF લાયન શ્રી મોહિતભાઇ સોલંકીના જન્મદિન (તા. ૧૩/૩/૨૪) અવસરે

લાયન્સ હોસ્પિટલ - ભુજ મધ્યે તા. ૧૭/૩/૨૪ના રોજ આયોજીત ''આંખનો ફ્રી નેત્રમણી ઓપરેશન મેગા કેમ્પ''ની તસવીર ઝલક....



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
મહાસભા
સહ વીર્ય કરવાવહૈ
ત્રિ-વાર્ષિક અધિવેશન
મંગળ પરિચય સમ્મેલન
રાયપુર 2023
23,24,25 Dec.

# કૃતજ્ઞતા પૂર્ણ નમન... આભાર ...
## આદરણીય સુનીલભાઇ વિશ્રામભાઇ ચાવડા ને



જોડાશું દિલ થી...
ટીમ રાયપુર ઘટક

**મંગળ પરિચય**

**લગભગ 78 થી વધુ પરિવારોના લાભાન્વિત 39 થી વધુ સંબંધો જોડાયા અને આજ આ પ્રકાશન તક કાર્ય ચાલી રહ્યું છે**

સગપણ સંબંધે જોડાતા સર્વે યુગલવૃંદોને ઉજ્જ્વળ ભવિષ્યની શુભ મંગળકામનાઓ સાથે ગૃહસ્થ જીવન પ્રવેશની વધામણી..

મેન્ટર બહનોંના સહયોગ અને
વાલીયોના રાયપુર ઘટક ઉપરના
ભરોસાથી મંડળ
સફળતા માટે સમાજને અર્પણ
કરતા ટીમ રાયપુર ઘટક
ગૌરવાન્વિત છે.....




| રસિક પરમાર | ટીમ રાયપુર ઘટક | ભરત ચાવડા |
|---|---|---|
| આયોજન પ્રભારીશ્રી | સમસ્ત કારોબારી | ઘટક પ્રમુખશ્રી |



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## મહાસભાના મંચથી



કાર્યવાહક પ્રમુખશ્રી મહાસભા

શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ,
પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
Mob. 9825428100

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644

# મહાસભાની આપાતકાલિન કોર કમીટીની મીટીંગનો અહેવાલ

### તા. ૧૫/૦૩/૨૦૨૪, ગાંધીનગર

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની આકસ્મીક કોર કમીટીની બેઠક તા. ૧૫/૦૩/૨૦૨૪ના રોજ સાંજે ૬.૦૦ કલાકે હોટલ જર્મન પેલેસ, ગાંધીનગર મુકામે મહાસભાના સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર - રાજનાંદગાંવના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવેલ હતી. જેમાં નિમ્નદર્શીત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર, સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર - રાજનાંદગાંવ, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા - અંજાર, ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ - ભુજ, ઉપપ્રમુખ શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા, ઉપપ્રમુખ શ્રી હેમંતભાઇ હરીરામભાઇ ગોહિલ - રાયપુર, સલાહકાર શ્રી કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંક - નાગલપર, વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર - અંજાર, મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર - અંજાર, કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ - રાયપૂર, પ્રભારી શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ.



સૌ પ્રથમ ગાયત્રી મંત્રના જાપ અને શ્રીરામ સ્તુતિ દ્વારા શરૂઆત કરી. મીટીંગમાં ખાસ ઉપસ્થિત રહેલ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનો આદર સત્કાર કરી મીટીંગની આગેવાની લેતા સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર - રાજનાંદગાંવ એ વર્તમાન પરિસ્થિતિમાં ઉભી થયેલ કટોકટીથી સૌને વાકેફ કરતા જણાવ્યું હતું કે, આજે આપણે માત્ર બે મુદ્દાની ચર્ચા કરવા અને નિર્ણય કરવા માટે મળ્યા છીએ. ચાલુ સત્રના પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા - નાગપુરએ આપેલ રાજીનામું સ્વીકાર કરી તેની જાણ સમાજબંધુઓને કરી દીધેલ છે. આપણા બંધારણ મુજબ વરીષ્ઠ ઉપપ્રમુખને કાર્યવાહક પ્રમુખશ્રી તરીકે ચાર્જ સંભાળવાનો રહે છે. વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા - અંજાર એ જણાવ્યું હતું કે, આપ સૌની લાગણી બદલ આભાર માનું છું પરંતુ હાલના સમયમાં મારા પારિવારીક કારણોસર હું મહાસભાના કાર્યવાહક પ્રમુખશ્રી તરીકેની જવાબદારીનું વહન કરવા અસમર્થ છું અને આ જવાબદારી હું નિભાવી શકું તેમ નથી તેવું લેખિતમાં નિવેદન રજુ કરું છું.

મહાસભાના સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર - રાજનાંદગાંવ એ જણાવ્યું કે, જ્યારે વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી અસ્વિકાર કરે છે ત્યારે આપણી ફરજ બને છે કે આપણે બધા આપસમાં ચર્ચા-વિચારણા કરી સર્વસંમતિથી અન્ય ઉપપ્રમુખશ્રીને મહાસભાના કાર્યવાહક પ્રમુખશ્રી તરીકેનો ચાર્જ અર્પણ કરીએ અને એટલા માટે જ ખુબજ ટુંકાગાળામાં આપ સૌને આમંત્રણ આપી બોલાવેલ છે. સાથે સાથે ઉપપ્રમુખ શ્રી અંબાલાલભાઇ ચૌહાણ, શ્રી સુનિલભાઇ ચાવડા, સમાજ સંરક્ષક શ્રી ભરતભાઇ સાવરીયા, માનદ્ સભ્ય શ્રી રસીકભાઇ પરમાર, શ્રી વિમલભાઇ ચાવડા, સલાહકાર શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર - રાઉરકેલા, ઉપપ્રમુખ શ્રી

અનિલભાઇ ચૌહાણ - કુમ્હારીથી ચર્ચા કરી આપણે જે નિર્ણય લઇશું તેના માટે સંપૂર્ણ સંમતિ આપેલ છે. માત્ર એકજ દિવસમાં મળવાનું હોતાં દરેકે દરેક હોદ્દેદારોને આમંત્રણ આપી શક્યા નથી. પરંતુ મને વિશ્વાસ છે કે આપણે જે કંઇ નિર્ણય લઇશું તે દરેકને માન્ય રહેશે.

હાજર રહેલ સૌ સભ્યોએ ચર્ચા-વિચારણા કરી મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરને બંધારણની રૂએ મહાસભાના કાર્યવાહક પ્રમુખશ્રી તરીકેનો ચાર્જ સંભાળવા વિનંતી કરવામાં આવી.

શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર એ જણાવ્યું કે, અન્ય જવાબદારીનું વહન કરવાની સાથે સાથે મારી સમયની મર્યાદા છે તેમ છતાં સમાજ હિતમાં અને સંગઠન જળવાઇ રહે તે માટે આપ સૌની લાગણીનું હું સન્માન કરું છું. અને મહાસભાના કાર્યવાહક પ્રમુખશ્રી તરીકેની જવાબદારી નિભાવવા મારી સંમતિ આપું છું. આપણે બધા એકબીજા પર જવાબદારી સોંપવા નહીં પણ એક ટીમ તરીકે કાર્ય કરી આપણી ગૌરવવંતી માતૃ સંસ્થાની ગરિમા જળવાઇ રહે તેવા પ્રયત્નો શુભ ભાવ માત્ર સમાજહિતને ધ્યાનમાં રાખીને કરીશું તો આપણા વડિલોએ આપેલ પુણ્ય સંસ્કાર અને આપણી ધરોહરને ઉજાગર કરી શકીશું. ઉપસ્થિત સૌ સભ્યોએ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની સંમતિને વધાવી લીધી અને સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહાસભાના કાર્યવાહક પ્રમુખશ્રી તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો.

સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારે મીટીંગને આગળ વધારતા જણાવ્યું કે, બંધારણની મર્યાદામાં રહીને વર્તમાન સત્રના બાકીના સમય માટે આવતા છ માસમાં નવા પ્રમુખશ્રીની વરણી કરવાની રહે છે. આજે આપણે મળ્યા છીએ ત્યારે આ બાબતે ચર્ચા કરીને સમાજને એક સારો મેસેજ આપીએ એ પણ આપણી પવિત્ર ફરજ બને છે. આપ સૌ મુક્ત મને આપના વિચારો આપો તો વધુ સારું રહેશે.

સૌ સભ્યોએ ચર્ચામાં ભાગ લઇ વર્તમાન સમયમાં બધાને સાથે લઇ ચાલી શકે અને જેમના ઉમદા વ્યક્તિત્વનું સમગ્ર સમાજ સન્માન કરે છે તેવા વ્યક્તિને સુકાન સોંપવા સર્વ સંમતિ બની ત્યારે શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારે ઉપસ્થિત રહેલ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરના નામને પ્રસ્તાવિત કરવા પોતાનો વિચાર રજુ કર્યો ત્યારે સૌ સભ્યોએ સહર્ષ અનુમોદન આપી સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરને સન્માનિત કરવામાં આવ્યા હતા. બાકીની બંધારણીય પ્રક્રિયા પૂરી કરી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરને સત્રના બાકી સમય માટેના આદરણીય મહાસભાના પ્રમુખશ્રીનો ચાર્જ સોંપવામાં આવશે.

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ પ્રત્યુત્તર આપતા જણાવ્યું કે, સમાજ માટે મે જે કંઇ કર્યું છે તેના બદલામાં સમાજે મને ઘણું બધું આપ્યું છે. મારા માટે મારા સમાજબાંધવોનો પ્રેમ મુખ્ય છે. હું હંમેશા આપણી માતૃસંસ્થાની સાથે રહ્યો છું. પ્રમુખશ્રીના હોદ્દા કરતાં પણ સમાજને મને 'સમાજરત્ન' તરીકે પોતાના હૃદયમાં બેસાડેલ છે ત્યારે મારી પણ ફરજ બને છે કે, અનિર્ણાયક પરિસ્થિતિમાં મારે મારી ભૂમિકા અને જવાબદારીનું વહન કરવું જોઇએ. સમાજના સર્વોચ્ચ સન્માન પણ બેઠેલ છું ત્યારે આ મહાન સંસ્થાના એક અદના કાર્યકર તરીકે મારે દિશા-નિર્દેશ કરવો  અને જરૂર જણાય ત્યાં આગેવાની લઇ સમાજને વિષમ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા મારે આગળ આવવું જોઇએ તે સારી રીતે સમજું છું. આપ સૌ મિત્રોએ એક અવાજે મને આહવાન કરેલ છે તે બદલ આપ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આપની જવાબદારી પુરી થઇ જશે નહીં. સમાજ સંગઠનને મજબુત બનાવવા બધાની ભાગીદારી અનિવાર્ય બની રહેશે. અને મને પુરો વિશ્વાસ છે કે મારી વાતને આપ બધા અને સમગ્ર સમાજ અનુમોદન આપશે જ. આપ સૌની લાગણી અને પ્રસ્તાવનો હું સહર્ષ સ્વીકાર કરું છું અને મારી સંમતિ આપું છું. શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સમાજ સંગઠન અને કાર્ય પ્રણાલી વિશે દરેક સભ્યોએ પોતાના સુચનો આપેલ હતા અને ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવામાં આવેલ. જેમાં (૧) સેતુ સમાજ સંદેશની બાકી લેણી વસુલાત અને પ્રિન્ટીંગ બિલ ચુકવી આપવા. (૨) મહાસભાના બેનર હેઠળના દરેક કાર્યક્રમોનો હિસાબ સમાજબંધુઓને અનિવાર્યપણે આપવો. (૩) દરેક હોદ્દેદારોએ વોટ્સએપ મિડિયામાં પોતાના વિચારો મુકતા પહેલાં મહાસભાની ગરિમાને ધ્યાનમાં લેવી. હોદ્દેદાર તરીકેની આપણી જવાબદારી અને તેની દુરોગામી અસરોને ધ્યાનમાં લઇ વિધાનો કરવા ખાસ નિવેદન કરવામાં આવે છે. (૪) અનિવાર્ય સંજોગોને કારણે કટક (ઓરિસ્સા) મુકામે આયોજીત તા. ૮,૯ જુન-૨૦૨૪ની કાર્યવાહક સમિતિની મીટીંગ હાલ પૂરતી મુલત્વી રાખવામાં આવે છે. (૫) અમદાવાદ-ગાંધીનગર ખાતેની મહાસભાના હોદ્દેદારોની તા. ૦૫, ૦૬-મે-૨૦૨૪ની ચિંતન શિબિર મુલત્વ રાખવામાં આવે છે. ખુબજ ટુંકા સમયમાં કોર કમીટીની મીટીંગની વ્યવસ્થા કરવા માટે મહાસભાના સ્કીલ ડેવલપમેન્ટ સમિતિના પ્રભારી શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો. ગુજરાત પ્રાદેશિક પ્રમુખ શ્રી રસીકભાઇ ચૌહાણ અને કાર્યવાહક સભ્ય શ્રી નૌતમલાલભાઇ જેઠવા વ્યવસ્થામાં ખાસ મદદરૂપ થયા હતા. આભારદર્શન બાદ મીટીંગ પુરી થયેલ જાહેર કરવામાં આવી હતી.

સહ વીર્યં કરવાવહૈ

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## તત્કાલ સામાન્ય સભા - વડોદરા

## મહાસભાની તત્કાલ સામાન્ય સભાની સુચના – આમંત્રણ

આત્મિય સમાજબંધુઓ... જય સમાજ... રામ રામ...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના વર્તમાન સત્ર ૨૦૨૪–૨૦૨૬ના પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા - નાગપુર એ આપેલ રાજીનામાને કારણે ઉત્પન્ન થયેલ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે શેષ સત્ર માટે મહાસભાના આદ. પ્રમુખશ્રીની વરણી કરવા માટે **મહાસભાના કાર્યવાહક પ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર**ના અધ્યક્ષ સ્થાને **ગુજરાત પ્રાદેશિક સમિતિ** અંતર્ગત આવતા **વડોદરા ઘટક**ના સ્નેહમય આમંત્રણથી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન - વડોદરા મધ્યે તા. ૦૯/૦૬/૨૦૨૪, રવિવારના મહાસભાની તત્કાલ સામાન્ય સભા બોલવવાનું આયોજન કરવામાં આવેલ છે. મહાસભાના સૌ વડીલ સલાહકારશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તેમજ ખાસ મહાસભાના પ્રતિનિધિશ્રીઓ અને સર્વે સમાજબાંધવોને પધારવા હૃદયપૂર્વક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**દિનાંક : ૦૯/૦૬/૨૦૨૪, રવિવાર, સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦**

**સ્થળ : શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન - વડોદરા**

**:: સમયસારણી ::**

| આગમન – ચા–નાસ્તો | વડોદરા ઘટક દ્વારા સ્વાગત | મહાસભાની તત્કાલ સામાન્ય સભા | બપોરનું ભોજન – વિદાય |
|---|---|---|---|
| સવારે ૭.૩૦ થી ૯.૦૦ | સવારે ૯.૩૦ | સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ | બપોરે ૧.૩૦ થી ૩.૦૦ |

**:: તત્કાલ સામાન્ય સભાના મુખ્ય એજન્ડા ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ

★ શુભેચ્છા સંદેશાઓનું વાંચન

★ મહાસભાના આદ. કાર્યવાહક પ્રમુખશ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્બોધન

★ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્બોધન

★ સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્બોધન

★ મહાસભાના વર્તમાન શેષ સત્રના સમય માટે આદ. પ્રમુખશ્રીની વરણી અને નિર્ણય

★ નવનિર્વાચીત પ્રમુખશ્રીનું સન્માન – ઉદ્બોધન

★ કાર્યવાહક સમિતિએ કરેલ ભલામણ પર ચર્ચા–વિચારણા અને નિર્ણય

★ આભારદર્શન, રાષ્ટ્રગીત

**નોંધ :** વડોદરા સમાજ ભવન મધ્યે ૧૫ રૂમ આવેલ છે. સવારે પધારનાર પ્રતિનિધિશ્રીઓ માટે ન્હાવા–ધોવા અને ફ્રેશ થવા વ્યવસ્થા કરવામાં આવશે. માત્ર ત્રણ કલાકની એક જ એજન્ડા પરની મીટીંગ બોલાવેલ છે. બહારથી આવનાર પ્રતિનિધિશ્રીઓ માટે આગલા દિવસે રાત્રે અને જરૂર પડશે તો મીટીંગના દિવસે રાત્રે ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. સમાજ ભવનમાં વહેલા તે પહેલાના ધોરણે રૂમ બુક કરવામાં આવશે. તે સિવાય ઉતારા માટે હોટેલમાં રૂમની વ્યવસ્થા કરવા માટે **શ્રી કુમારભાઇ શરદભાઇ ચૌહાણ** અને **શ્રી તૃષારભાઇ મોહનલાલ ચૌહાણ** સાથે સંપર્ક કરી રૂમ બુક કરાવી શકાશે. હોટલ અને ટેરીફની વિગત વોટ્સએપના માધ્યમથી જાહેર કરવામાં આવશે.

**:: સંપર્ક સુત્ર ::**

| | | | |
|---|---|---|---|
| શ્રી પ્રભુલાલભાઇ ભવાનજીભાઇ રાઠોડ | શ્રી કુમારભાઇ શરદભાઇ ચૌહાણ | શ્રી તૃષારભાઇ મોહનલાલ ચૌહાણ | શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર |
| પ્રમુખશ્રી વડોદરા ઘટક | ઉપપ્રમુખશ્રી વડોદરા ઘટક | મંત્રીશ્રી વડોદરા ઘટક | વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા |
| મો. ૮૧૨૮૫૩૬૨૩૩ | મો. ૯૮૨૪૦૩૫૦૯૦ | મો. ૯૬૬૪૭૬૫૪૬૧ | મો. ૯૪૦૮૨૪૪૬૪૪ |

**વિનિત : શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા)**

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
દ્વારા માર્ગદર્શિત

મહાસભા
મેરેજ બ્યુરો સમિતિ

# 1st ડેસ્ટીનેશન શુભ મંગળ પરિચય મિલન

**Sat-Sun, 4 - 5 May 2024**

જય સમાજ સહ સાદર વંદન......... આપણી રાષ્ટ્રીય મહાસભાના કાર્યકારી પ્રમુખ **આદ. શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**નાં માર્ગદર્શન હેઠણ મહાસભાના વરિષ્ઠ વડીલો સાથે વિશદ્ ચર્ચા-વિચારણાને અંતે તથા વાલીઓંનાં અનુરોધ ક્રમે હવે **૩૫ વર્ષ સુધીની ઉમરનાં પાત્રોંનું રજીસ્ટ્રેશન સ્વીકાર કરવામાં આવશે** આપણા સમાજની સગપણ સમસ્યાના સમાધાન માટે એક તદ્દન નવતર પરિણામલક્ષી પ્રયોગના ભાગ રૂપે **પ્રથમ ડેસ્ટીનેશન શુભ મંગળ પરિચય મિલન** આયોજીત કરેલ છે.

તા. 30.4.24 સુધી
૩૫ વર્ષ ની
ઉમરનાં પાત્રોં
માટે

૧
પાત્ર
સાથે ૨
વાલી

સગપણ
લક્ષી

૫૦
કુમારીકા

૫૦
કુમાર

**વહેલા તે પહેલાનાં ધોરણે**

પૂર્વ
રજીસ્ટ્રેશન

Scan this QR Code for Online Registration Form

૧ એકપાત્ર + ૨ વાલીનું સંયુક્ત રજીસ્ટ્રેશન (૩ વ્યક્તિનું) શુલ્ક રૂ.૮૦૦૦/- અગ્રીમ ભરવાના રહેશે.
૨ આ રજીસ્ટ્રેશન શુલ્કમાં ૩ બેડ એ.સી. રૂમ, ૨-લંચ, ૧-ડીનર, ૧-બ્રેકફાસ્ટ, ૨ હાઈ-ટી એ.સી. હોલમાં કાર્યક્રમ, રાત્રે મ્યુઝકીલ પાર્ટી વિગેરેનો સમાવેશ થાય છે.
૩ રજીસ્ટર્ડ પાત્રો અને વાલીઓં અહીં આપેલ કાર્યક્રમ સ્થળે, સમયસર પહોંચી આવવાનું અને જવાનું રહેશે.
૪ એ.સી. રૂમમાં ૩ બેડ -રૂા. ૮૦૦૦/-
૪ બેડ -રૂા. ૬૦૦૦/-
૬ નોનએ.સી. રૂમમાં ૩ બેડ -રૂા. ૬૦૦૦/-
૪ બેડ -રૂા. ૪૦૦૦/-

**35 Yrs.**
વિશેષ નોંધ -
**સુધીની ઉમરનાં પાત્રોં માટે જ રજીસ્ટ્રેશન સ્વીકાર્ય કરવામાં આવશે**

કાર્યક્રમ સ્થળ- પ્રેક્ષા ધ્યાન એકેડમી, પ્રેક્ષા વિશ્વભારતી પરિસર,
કોબા – ગાંધીનગર હાઈવે, કોબા પાટીયા (ગાંધીનગર) ગુજરાત-382209

નિવેદક તથા સંપર્ક સૂત્ર - મહાસભા મેરેજ બ્યુરો સમિતિ
**શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી -પ્રભારીશ્રી- મો. 9825929591**

વધુ જાણકારી હેતુ સંપર્ક સૂત્ર

| | |
|---|---|
| **શ્રી ભાવેશ નરસીભાઈ ગોહિલ**<br>પ્રભારી-સોશ્યલ મેનેજમેન્ટ<br>મો. 8839402752 | **શ્રી હિતેશ ભોગીલાલભાઈ ચૌહાણ**<br>પ્રભારી-મીડિયા મેનેજમેન્ટ<br>મો. 9909069057 |
| **શ્રી ગૌરવ હરિલાલભાઈ ચાવડા**<br>પ્રભારી-રજીસ્ટ્રેશન મેનેજમેન્ટ<br>મો. 9827116141 | **શ્રી પ્રકાશ હરિલાલભાઈ રાઠૌડ**<br>પ્રભારી-એન્કર્સ મેનેજમેન્ટ<br>મો. 9300100225 |

॥ ॐ શાંતિ ॥

સહ વીર્યં કરવાવહૈ

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



# 'સંજીવની-૫'

*The Lifeline.....*

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## નૂતન નાણાકીય વર્ષ પ્રારંભે 'સંજીવની'ની નિતી-રિતી...'સંજીવની'ની સંચાલન પદ્ધતિ અંગે જાણીએ... લાભાર્થીઓને સમયસર લાભ અપાવીએ... 'સંજીવની-૫' અંગે જાણીએ...

જય સમાજ સહ સાદર વંદન... મિત્રો, અંગત વ્યસ્તતાને કારણે 'સંજીવની'ના સ્વયંભૂ -સમાજ પ્રેમીબંધુઓના સહયોગનો ઉલ્લેખ સેતુ સમાજ સંદેશના માધ્યમથી નથી થઇ શક્યો એ બદલ 'સંજીવની'ના સહ્રદયી સમાજપ્રેમી દાતાશ્રીઓની હાર્દિક ક્ષમાપના સાથે નૂતન નાણાકીય વર્ષના નવસંકલ્પ સાથે શુભ શરૂઆત કરીએ...

'સંજીવની' એટલે એવા સમાજપ્રેમી સમાજબંધુઓનો સંકલ્પ પત્ર કે.... ''માત્ર થોડા નાણાના અભાવમાં, મારો સમાજબંધુ પોતાના સ્વજનની યોગ્ય સારવાર પણ ન કરાવી શકે તેવી પીડાદાયક પરિસ્થિતિમાં પીડીત સમાજબંધુના દુ:ખમાં સહભાગીતાનો સંકલ્પ, યથાશક્તિ, સ્વૈચ્છીક સહયોગ દ્વારા જરૂરીયાતમંદ સમાજબંધુઓની સ્વાસ્થ્ય સમસ્યાઓના સમાધાન માટેનો સંનિષ્ઠ શુભ સંકલ્પ. 'સંજીવની-૫' ના નવસંસ્કરણ પ્રસંગે રાયપુર કાર્યકારણી દ્વારા મળેલ સ્વીકૃતિથી હવેથી.. જરૂરીયાતમંદ સમાજબંધુઓ દ્વારા પૂર્ણ રીતે ભરાયેલી 'સંજીવની' આવેદનપત્રને આધારે રૂા. ૧,૦૦,૦૦૦ની જરૂરીયાત સામે રૂા. ૧૦,૦૦૦ ન્યૂનતમ ત્રણ દિવસ એવં મહત્તમ આઠ દિવસમાં આવેદકના બેંક એકાઉન્ટમાં જમા થઇને રહેશે. આ કારોબારીમાં મળેલ નિર્દેશ મુજબ ૧ લાખ = ૧૦,૦૦૦, ૨ લાખ = ૨૦,૦૦૦, ૩ લાખ = ૩૦,૦૦૦, ૪ લાખ = ૪૦,૦૦૦, ૫ લાખ = ૫૦,૦૦૦ આ રેશીયો પ્રમાણે 'સંજીવની'માંથી મેડીકલ સહાય મળી શકશે. આ સ્થળે ઘટક પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓને વિનમ્ર વિનંતી કે, (૧) 'સંજીવની'નું આવેદન પત્ર ઘટકમાં અચૂક રાખવું. (૨) આવેદન પત્રમાં સહી કરતા પહેલા આવેદન પત્ર પૂર્ણ રીતે ખરાઇ કરી લેવી, પૂર્ણ રીતે ભરાયેલ હોય તો જ સહી-સિક્કા કરી 'સંજીવની' માટે મોકલવું. (૩) અધુરા ભરાયેલ આવેદનપત્રને કારણે આવેદકને આર્થિક સહાય મળવામાં વિલંબ થાય છે. અત્રે એ વાતનું વિશેષ ધ્યાન રાખવું કે માત્ર વોટ્સએપથી મોકલી અપાતા આવેદનપત્રોને આધારે આવેદકને સહાયતા રાશી નથી અપાતી. ઓડીટના નિયમો અનુસાર વાસ્તવીક આવેદનને આધારે જ સહાયતા રાશીનું વિતરણ થાય છે. આ બાબતે 'ટીમ સંજીવની'ના એકાઉન્ટ વિભાગ સંભાળતા માનદ્ સેવાધારીબંધુઓને પૂર્ણ સહયોગ આપવા વિનમ્ર વિનંતી છે. આજ બસ આટલું જ... ફરી મળીશું આવતા અંકે.... સ્વસ્થ રહો... મસ્ત રહો....

**વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર (વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રભારી – 'સંજીવની')**

**'સાભાર-સ્વિકાર' : ('સંજીવની'માં નોંધાયેલ/મળેલ દાતાશ્રીઓની યાદી...)**

૬૦૦૦૦ માતૃશ્રી અમૃતબેન દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-આફ્રિકા, હ. શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ (પ્રતિ માસ રૂા. ૫૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી)

૫૧૦૦૦ માતૃશ્રી પ્રાણકુંવરબેન જીવરામભાઇ ચૌહાણ - કુમ્હારી (રાયપુર હ. શ્રી અનિલભાઇ જે. ચૌહાણ - ઉપપ્રમુખશ્રી મહાસભા (એ.કે.એફ. ગ્રુપ)

૩૫૦૦૦ સંજીવની સરતાજ માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ પરિવાર (ખંભરા) - રાજકોટના સુપુત્ર શ્રી મનિષભાઇના સુપુત્ર ચિ. મિહાનના પ્રથમ જન્મદિન ખુશાલી ભેટ

૨૫૦૦૦ માતુશ્રી જયાબેન કેશવજીભાઇ ચાવડા પરિવાર (દેવળીયા) - રાયપુરની પુણ્ય સ્મૃતિ અર્થે પ્રતિ વર્ષ રૂા. ૨૫,૦૦૦ના માનદ્ દાતાશ્રી, હ. સુપુત્ર શ્રી દિલીપભાઇ કેશવજીભાઇ ચાવડા - રાયપુર (કાર્યવાહક સભ્યશ્રી મહાસભા)

૨૧૦૦૦ સંજીવની સરતાજ શ્રી એવં શ્રીમતી પારૂલબેન સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા - હૈદ્રાબાદ (લગ્નોત્સવ વર્ષગાંઠની ખુશાલી ભેટ) (ઉપપ્રમુખશ્રી મહાસભા)

| | |
|---|---|
| ૬૦૦૦ | શ્રીમતી માયાબેન ભરતભાઇ વાઢેર - અંજાર (સ્વર્ગસ્થ પતિ શ્રી ભરતભાઇ વાઢેર - પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશની પુણ્ય સ્મૃતિ અર્થે પ્રતિ માસ રૂા. ૫૦૦ના સ્નેહી દાતાશ્રી |
| ૬૦૦૦ | રાઇઝીંગ સ્ટાર ઇવેન્ટ મેનેજમેન્ટ - રાયપુર (હ. હર્ષ મુકુન્દભાઇ ટાંક - પ્રતિમાસ રૂા. ૫૦૦ના સ્નેહી દાતાશ્રી) |
| ૬૦૦૦ | શ્રી નવિનભાઇ પ્રેમજીભાઇ યાદવ - પ્રમુખશ્રી હાજાપર ઘટક - પ્રતિ માસ રૂા. ૫૦૦/-ના સ્નેહીદાતાશ્રી) |
| ૫૧૦૦ | 'સંજીવની સરતાજ' બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (જન્મદિન ખુશાલી ભેટ) |
| ૫૦૦૧ | શ્રીમતી ચિત્રાબેન શાંતિલાલભાઇ ખોડિયાર પરિવાર - જબલપુર (લગ્નોત્સવની ૬૦મી વર્ષગાંઠ પર ખુશાલી ભેટ) |
| ૫૦૦૦ | શ્રી રાકેશભાઇ વનરાજભાઇ ટાંક - સિનુગ્રા (કોષાધ્યક્ષશ્રી ક.પ્રા. સમિતિ, સુપુત્ર ચિ. કિશનના લગ્નોત્સવ ખુશાલી ભેટ) |
| ૫૦૦૦ | સી.એ. શાંતિલાલભાઇ મોરારજીભાઇ ટાંક (નાગલપર) - મુંબઇ |
| ૨૧૦૦ | શ્રી પંકજભાઇ રસિકલાલભાઇ ચાવડા - બેંગ્લાર |
| ૨૧૦૦ | શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર - બાલાઘાટ (પ્રમુખશ્રી વિદર્ભ પ્રાદેશિક સમિતિ) (લગ્નોત્સવ વર્ષગાંઠ ખુશાલી ભેટ) |
| ૨૦૦૦ | શ્રી દયારામભાઇ મેપાભાઇ ચૌહાણ - મુંબઇ (પ્રતિ અધિવેશન રૂા. ૨૦૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૧૧૦૦ | શ્રીમતી હસ્મિતાબેન રવિન્દ્રભાઇ ચૌહાણ - પુણે (મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા દ્વારા આયોજીત પ્રોજેક્ટ શુલ્કને 'સંજીવની'ને સાદર અર્પણ...) |
| ૧૦૦૦ | માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ (દાદીમાના દિવ્ય આશિષ સ્વરૂપ પ્રતિ માસ ભેટ) |
| ૧૦૦૦ | શ્રી પથિકભાઇ નિતિનભાઇ ટાંક (લંડન) આદીપુર (પ્રતિ માસ રૂા. ૧૦૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૧૦૦૦ | શ્રી કિશોરભાઇ રાઠોડ (?) |
| ૧૦૦૦ | શ્રીમતી મીનાબેન શિશિરભાઇ ચાવડા - બાલાઘાટ (પ્રતિ અધિવેશન રૂા. ૧૦૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | નિર્મલાબેન શશીભાઇ ચાવડા - રાયપુર |
| ૫૦૦ | શ્રી અશોકભાઇ ચૌહાણ - ગાંધીધામ (ઉપપ્રમુખશ્રી ગાંધીધામ ઘટક - પ્રતિ જન્મદિન ખુશાલી ભેટ) |

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન**

**શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર**

**શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર – હૈદ્રાબાદ**

**શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર – મુન્દ્રા**

**શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર – અંજાર**

**સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર – રાયપુર**

**સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર – સુરત**

**શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર – કલ્યાણ**

**શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર)** નૈરોબી–કેન્યા–આફ્રિકા

શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ

શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના

શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના

શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ

શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ

શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર

શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)

ગં.સ્વ. ઇન્દીરાબેન મગનલાલભાઇ રાઠોડ (ખેડોઇ) - સુરત

સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર

માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર - રાજકોટ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ

શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર

શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ

શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)

શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના

શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા

શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)

શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)

શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ

શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા

શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ

શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)

શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર

શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર પરિવાર - અમદાવાદ

શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ

'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ

શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)

હ. જુગલ ચૌહાણ - વડોદરા

શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર

શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક - આદીપુર

શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક - મોરબી

શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક - લંડન (આદિપુર)

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦–૨૫૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)

શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)

શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)

શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)

ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)

શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)

શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)

શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર

શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર

શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

# અભિલાષા-૫

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

નમસ્કાર... જય સમાજ... પૂરા થતાં નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪માં મહાસભા અભિલાષા સમિતિને મળેલ કુલ ૫૪ જેટલી શિક્ષણ સહાય માટેની અરજીઓ પાસ કરી કુલ રૂા. ૫,૨૦,૦૦૦/- જેટલી શિક્ષણ સહાયની રકમનું વિતરણ કરવામાં આવેલ છે. અનુભવે એવું જણાય છે કે ઉચ્ચ શિક્ષણ મેળવવું ખર્ચાળ બની રહેલ છે. આ સમિતીને મળતી અરજીઓનો અભ્યાસ અને ચકાસણી દરમિયાન ઉચ્ચ અભ્યાસ કરતા છાત્રોના વાલીઓ મોટો આર્થિક ભાર સહન કરે છે. તેની સાથે એવું પણ જાણવા મળે છે કે ઘણા છાત્રો ખુબજ મહેનત કરીને સારી ટકાવારી લાવી મેરીટ ઉપર ઉચ્ચ શિક્ષણની વિવિધ અને અગત્યની શાખાઓમાં પ્રવેશ મેળવીને સફળ પણ બને છે. મહેનતનો કોઇ વિકલ્પ નથી અને તે હંમેશાં સફળતા અપાવે છે. લાખો રૂપિયાના ખર્ચ સામે મહાસભા કે સમાજના અન્ય સખાવતી ટ્રસ્ટો તેમની આર્થિક જોગવાઇ મુજબની સહાય કરી શકે છે. તે સત્ય દરેક વાલીઓ અને છાત્રોએ સમજવું રહ્યું.



મહાસભાના આ સેવાકાર્યમાં પ્રતિ વર્ષ રૂા. ૨૧૦૦૦/-નું દાન આપવાનો સંકલ્પ જાહેર કરનાર કચ્છ પ્રદેશનું ધર્માનુરાગી અને સેવાભાવી દંપતિ શ્રીમતી રસિલાબેન તથા **શ્રી નાનાલાલભાઇ હીરજીભાઇ સોલંકી – અંજાર (મુળ ગામ – નાગોર)** તરફથી શ્રી નાનાલાલભાઇ સોલંકીના જન્મદિન (તા. ૧૮/૪/૨૪) શુભ અવસરે રૂા. ૨૧૦૦૦/- નું દાન આ સમિતિને પ્રાપ્ત થયેલ છે અને પ્રતિ વર્ષ તેમના જન્મદિન અવસરે દાનની આટલી જ રકમ આપવાનો તેમનો સંકલ્પ છે. હંમેશા દરેક પ્રકારના સત્કાર્યોમાં સહભાગી બનતા આ સેવાભાવી દંપતિનો ખુબ ખુબ આભાર... પ્રણામ... વંદન... શ્રી નાનાલાલભાઇ સોલંકીને તેમના ૮૪મા જન્મદિને હાર્દિક શુભકામના...



દાનદાતાશ્રીના આ ક્રમમાં **મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી રણજીતભાઇ હરજીભાઇ પરમારના સુપુત્ર અને વિદર્ભ પ્રાદેશિક સમિતિના ઉત્સાહી પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર તથા શ્રીમતી ગીતાબેન જીતેન્દ્રભાઇ પરમાર – બાલાઘાટ** તરફથી અગાઉ તેમની લાડલી સુપુત્રી ચિ. કિંજલબેન સાથે ચિ. રોનક યોગેશભાઇ ચાવડાના થયેલ શુભ લગ્ન અવસરે રૂા. ૧૧૦૦૦/-નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. શરતચૂકથી રહી ગયેલ આ દાનની નોંધ અત્રે લેવાની સાથે નવદંપતિ અને પરમાર પરિવારને ખૂબ ખૂબ અભિનંદન... આભાર સહ નોંધ લઇએ છીએ. દાનદાતાશ્રીના આ ક્રમમાં **નિર્મળાબેન કાંતિલાલભાઇ ચાવડાના સ્મરણાર્થે તેમના સુપુત્રી શ્રીમતી પુનમબેન** તરફથી રૂા. ૫૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે. સ્વ. નિર્મળાબેનના દિવ્ય આત્માને પ્રભુ પરમધામમાં ચિર: શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના સહ આભાર... અને છેલ્લે જેમના આભારદર્શન વગર આ કોલમની પૂર્ણાહુતિ ન થાય તેવા પરમ આદરણીય '**સમાજરત્ન**' **શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપર** તરફથી તેમના પ્રતિમાસ દાનની રાશી રૂપે માસ માર્ચ-૨૦૨૪ના રૂા. ૫૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. તેની સાભાર નોંધ લેવા સાથે જય સીયારામ... જય સમાજ...**શિક્ષણ દાનએ મહાદાન છે... આ સુત્રને સાર્થક કરવાની સાથે આ સમિતિને યથાઘટીત દાન અર્પણ કરી આપના સંકલ્પોને શોભાવવા અને સમાજના જરૂરતમંદ છાત્રોને મદદરૂપ થવા વિનમ્ર વિનંતી છે. જય સમાજ...**

- વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી અને ઉપપ્રમુખ મહાસભા



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઇ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરિત કરીને સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત ૨૦૨૪ નૂતન વર્ષનો પહેલો પ્રોજેક્ટ તા. ૧૯-૦૧-૨૦૨૪ના શુક્રવારે મુંબઇ પ્રાદેશિકના પુના ઘટકના **શ્રીમતી હસ્મિતાબેન રવિભાઇ ચૌહાણ** દ્વારા સફળતાપૂર્વક લેવામાં આવેલ.

શ્રીમતી હસ્મિતાબેન ચૌહાણ એ સ્વ. પાર્વતીબેન જવાહરભાઇ ચૌહાણ (પુના)ના પુત્રવધુ અને સ્વ. રસિલાબેન ખીમજીભાઇ ચૌહાણ (નાગપુર)ના સુપુત્રી છે અને પુના ઘટક અને મુંબઇ પ્રાદેશિકના પૂર્વ પ્રમુખ શ્રી રવિભાઇ ચૌહાણના પત્ની છે. શ્રીમતી હસ્મિતાબેન અ.ભા.મ. મહામંડળના ગયા સત્રમાં અને ૨૦૨૪ના નવા સત્રમાં પણ મુંબઇ મહિલા પ્રાદેશિક પ્રમુખના પદે રહી સેવા આપશે. શ્રીમતી હસ્મિતાબેને નાગપુરથી બી.એ. ફાઇન આર્ટસ કરેલ છે.



કલાક્ષેત્રે નાનપણથી જ રૂચી હોવાથી લગ્ન બાદ પુનામાં આવીને પોતાના અંદર રહેલી કલાને જન માનસ સુધી પહોંચાડવા માટે વિકાસ કર્યો અને કલા ક્ષેત્રે વિવિધતા લાવી કેનવાસ પેન્ટીંગ, સ્ટેન ગ્લાસ, મ્યુરલ્સ, સ્કલ્પચર, તંજોર પેન્ટીંગ, આર્ટીફીશીયલ સિરામીક આર્ટ વર્ક, ગાર્ડનના વિવિધ પ્રકારના પ્લાંટર (કુંડા) વગેરે વગેરેમાં નિપુણતા છે. નવા સત્રના મહિલા ઉત્કર્ષ સમિતિના આ ફેસબુક લાઇવ પ્રથમ પ્રોજેક્ટમાં શ્રીમતી હસ્મિતાબેને તંજોર પેન્ટીંગ ખુબજ સરળતાથી માહિતિ સાથે શીખવાડેલ. તંજોર પેન્ટીંગ એટલે દેવી-દેવતાઓના ચિત્ર પ્રતિમા પર સોનાના વરખ દ્વારા કરવામાં આવતું આર્ટ... આ એક ઇન્ડીયન રીચ આર્ટ તરીકે ઓળખાય છે. પુના શહેરના કોરેગાંવપાર્કમાં આવેલ 'માણેકચંદ'ના બંગલામાં તંજોર આર્ટ ભીંત પર તેમજ સિલીંગ પર કરેલ છે. હાલમાં જ 'રસોઇ મેજિક'ના માલિક ચોરડીયાના બંગલામાં સિલીંગ પર ઝીણવટભર્યું તંજોર આર્ટ કરવામાં આવેલ છે. વર્કશોપમા આર્ટીફીશીયલ સિરામીક વર્ક પણ શિખવાડેલ. દિલ્હીની પ્રેસ્ટીજીયસ હોટેલ તાજના લોબીમાં આ સિરામિક



મ્યુરલ્સ વોલ અને સિલીંગપર શોભી રહ્યા છે. ઓનલાઇન ચાલતા આ વર્કશોપ દરમ્યાન કોઇ પણ બહેનોને ઉદ્દ્ભવતા પ્રશ્નોના જવાબ પણ તુરંત જ આપી બહેનોનું સમાધાન કરેલ. સાથે સાથે સરપ્રાઇઝમાં આર્ટીફીશીયલ સિરામિક જ્વેલરી (જે હમણા ખુબજ ચલણમાં છે) શીખવાડેલ. સાથે જ મોલ્ડીંગ કેવી રીતે કરાય ? એનું પણ પ્રાત્યક્ષીક ખુબજ સારી રીતે બતાવેલ. બે કલાકના આ લાઇવ વર્કશોપમાં ૧૨૫ જેટલી બહેનોએ જોડાઇને પૂરેપૂરા લાભ લઇ આ પ્રોજેક્ટને સફળ બનાવ્યું હતું. આજ સુધીમાં આ પ્રોજેક્ટના ફેસબુક પેજ ઉપર ૨.૬ કે. વ્યુઝ છે. અને બહેનોને કોઇ પણ સમસ્યા કે મુંઝવણ હોય તો હસ્મિતાબેન મદદ માટે તત્પર છે.

શ્રીમતી હસ્મિતાબેન કહે છે કે ખરેખર આપણા સા બહેનો ભાગ્યશાળી છે કે આપણને શ્રીમતી મીતાબેન રાઠોડ જેવા અતિશય મહેનતુ, કર્મઠ, મીઠી વાણીમાં હંમેશા બહેનોને ખુબજ માર્ગદર્શન આપી પ્રોજેક્ટ માટે પ્રોત્સાહન આપનારા બહેન મળી ગયા છે. જે પૂરા ભારતમાંથી સા બહેનોની અંદર રહેલી ખુબીઓ કે પ્રતિભાને બહાર કાઢી, સૌને એકત્રિત કરી, સમાજને સંગઠીત કરી, બહેનોને આત્મનિર્ભર કરવાનો અદ્ભૂત પ્રયાસ કરે છે. ધન્ય છે... ધન્ય છે... શ્રીમતી મીતાબેનને.

મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ આપણા સમાજનું ગૌરવ એવા કલાક્ષેત્રમાં, કલાજીવનને સમર્પિત, આંતરરાષ્ટ્રીય સ્તરના, હાઇ પ્રોફાઇલ ધરાવતા શ્રીમતી હસ્મિતાબેન જેવા નામચીન, બહુમુખી પ્રતિભા ધરાવતા, વિવિધલક્ષી કલામાં પારંગત, સૃજનશીલ, પ્રેમાળ, લાગણીશીલ, સમાજસેવાની ભાવના ધરાવતા ઇન્ટરનેશનલ લેવલના આર્ટીસ્ટ દ્વારા મહિલા ઉત્કર્ષ સમિતિના નવા સત્રના ફર્સ્ટ પ્રોજેક્ટને પોતાના ઉત્કૃષ્ટ કલા જ્ઞાન સાથે નિખાલસતાથી ઝીણી-ઝીણી મહત્વપૂણ ટીપ્સ આપીને સફળતમ બનાવતા બહેનને હૃદયથી સેલ્યુટ આપી, શબ્દસુમનોથી બિરદાવી, અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખૂબ ખૂબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...




ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરિત કરીને સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત ૨૦૨૪ વર્ષનો સેકન્ડ પ્રોજેક્ટ તા. ૨૪-૦૨-૨૦૨૪, શનિવારના રોજે માદરે વતન કચ્છ પ્રાદેશિકના **અંજાર ઘટકના શ્રીમતી પૂજાબેન જેઠવા** દ્વારા સફળતાપૂર્વક લેવામાં આવેલ.

શ્રીમતી પૂજાબેન ભરતભાઇ જેઠવા એ શ્રીમતી વસુધાબેન બલરામભાઇ ચાવડા (રાયપુર)ના સુપુત્રી અને સ્વ. રસીલાબેન તથા શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી)ના પુત્રવધુ છે. આદરણીય શ્રી કાંતિલાલભાઇ જેઠવા મહાસભાના ભૂતપૂર્વ પ્રમુખ રહી ચૂક્યા છે. પૂજાબેને બી.કોમ. અને ફેશન ડિઝાઇનિંગનો અભ્યાસ કરેલ છે.

શ્રીમતી પૂજાબેનને બાળપણથી જ હેન્ડીક્રાફ્ટ અને આર્ટીસ્ટીક વસ્તુઓ બનાવવાની રૂચી હતી. સાદી દેખાતી વસ્તુઓને કઇ રીતે આકર્ષક બનાવી સુંદર રીતે રજુ કરવી એ આવડત તેમનામાં નાનપણથી જ હતી. આર્ટ એન્ડ ક્રાફ્ટ ઉપરાંત જુદી જુદી પેઇન્ટીંગ સ્ટાઇલ જેમ કે એક્રેલીક પેઇન્ટીંગ, લીફ પેઇન્ટીંગ, મડવર્ક, પિછવાઇ આર્ટ વગેરે તેઓ બખુબી કરી જાણે છે. લીફ આર્ટ એક યુનિક અને સુંદર કળા છે. જે ઓછા લોકો જાણે છે. વિદેશોમાં ખુબજ પસંદ કરે છે આ લીફ આર્ટ. પૂજાબેને આ લીફ આર્ટનો પ્રોજેક્ટ બહુ સારી રીતે લીધો. તેમણે જાત જાતના પાંદડાં જેમ કે જાંબુ, પીપળો, વડ, રબર વગેરે પર અનોખી કળા દર્શાવી. લીફ આર્ટની મહત્વપૂર્ણ ટીપ્સ આપી તેના દ્વારા ઘરને કેવી રીતે શણગારી શકાય તે સમજાવ્યું. લીફ આર્ટમાં સર્વપ્રથમ લીફને પ્રિઝર્વ અને ડ્રાય એમ કરવું તે શીખવાડ્યું. ત્યાર બાદ સામાન્ય પેન સાથે બ્રશપેન, ગોલ્ડ પેન વાપરી લીફને ડેકોરેટ કરી બતાવ્યું. ભગવાન શ્રીનાથજી, બાલ ગણેશ, માતાજી તેમજ સુંદર નારીનું ચિત્ર લીફ પર કરી બતાવ્યું. ખુબજ ઓછા ઇન્વેસ્ટમેન્ટ સાથે અતિ સુંદર લીફ આર્ટ કઇ રીતે કરી શકાય તે તેમણે સારી રીતે સમજાવ્યું. લીફ આર્ટની ખાસિયત એ છે કે તે ઓછા સમય, ઓછી મહેનત અને બજેટમાં ખુબજ સારી કિંમતમાં કમાણી આપી શકે છે.

લીફ આર્ટ સાથે પૂજાબેને વિવિધ પ્રકારના શગુન એનવેલપ્સ (કવર) પણ બનાવતા શીખવાડ્યા હતા. જન્મદિવસ, લગ્ન, ગૃહ પ્રવેશ, વાસ્તુ પૂજા વગેરે શુભ પ્રસંગે અપાતાં કવરને કઇ રીતે સુશોભિત કરવા અને તેમાં પણ લીફ આર્ટનો કેવી રીતે ઉપયોગ કરવો તે તેમણે કરી બતાવ્યું હતું. એનવેલપ પર વપરાતી ડેકોરેટીવ આઇટમ્સ કેવી રીતે બનાવવી અને ચિત્રકલા દ્વારા પણ એનવેલપ કેવી રીતે બની શકે તેનું માર્ગદર્શન આપ્યું હતું.

પૂજાબેન કહે છે કે લગ્ન પછી પારિવારીક જવાબદારી અને બાળકોના ઉછેરમાં વ્યસ્ત થઇ ગયા હતા. પણ કોરોના દરમિયાન






તેમને જુનો શોખ ફરી ઢંઢોળવાનો મોકો મળ્યો. ફરી પાછી પેન્સીલ ઉપાડી ડ્રોઇંગ શરૂ કર્યું સાથે લીફ આર્ટ પણ શરૂ કર્યું. શરૂઆતમાં હાથ બેસતા થોડીવાર લાગી પણ થાક્યા કે હાર્યા વિનાના પ્રયત્નો દ્વારા તેમણે સફળતાપૂર્વક અનેક સુંદર ફ્રેમ્સ બનાવી અને તે વેચાવા લાગી અને આ રીતે સ્વયં રોજગારથી આવક શરૂ થઇ. પૂજાબેનની સફળતા પાછળ તેમના સપોર્ટીવ ફેમીલી ખાસ કરીને તેમના જીવનસાથી ભરતભાઇ જેઠવાનો પણ વિશેષ સહયોગ રહ્યો છે.

મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી પૂજાબેન જેવા વિવિધલક્ષી કલામાં પારંગત, સૃજનશીલ, પ્રેમાળ, લાગણીશીલ, ગુણવાન, નીતીવાન, સમાજ સેવાની ભાવના ધરાવતા લીફ આર્ટનું ઉત્તમ જ્ઞાન અને નવિનતાસભર ઉમદા વર્કશોપમાં નિખાલસતાથી ખુબજ બારીકીથી પોતાની કલાથી અદ્ભૂત પ્રસ્તુતિ આપી મહિલા ઉત્કર્ષ સમિતિના બીજા પ્રોજેક્ટ સફળતમ બનાવતા આ આર્ટીસ્ટને હૃદયથી સેલ્યુટ આપી, શબ્દસુમનોથી બિરદાવી, અભિનંદન આપી તેમના ઉજવલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

અધ્યક્ષા – શ્રીમતી મીતાબેન રાઠોડ – લાતુર



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧



**।। અન્નદાન મહાદાન ।।**

શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા (પ્રભારીશ્રી) અંજાર (કચ્છ) મો. ૯૯૮૨૯૬૯૦૦, ૯૮૨૫૧૬૩૨૮૮

**Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

જય સમાજ... રામ રામ મહાસભાની વિવિધ સમિતિઓ દ્વારા સમાજ ઉત્કર્ષની અનેકવિધ યોજનાઓ દ્વારા સમાજના જરૂરીયાતમંદ બંધુઓને શક્ય તેટલી સહાય આપવામાં આવે છે. આપણો સમાજ ઉત્સવપ્રિય, પ્રગતિશીલ, પ્રમાણમાં સુખી સમાજમાં ગણના થાય છે. પરંતુ પાછલા કેટલાય સમયથી એવા પણ કિસ્સા ધ્યાનમાં આવ્યા કે એવા પણ કમનસીબ બંધુઓ આપણા સમાજમાં છે કે, જેમના સીધી લીટીમાં કે નજીકના કોઇ સગા-સંબંધી ન હોવાને કારણે અને શારિરીક-માનસિક અસ્થિરતાને કારણે આવા વંચિત, પિડીત, લાચાર સમાજબંધઆુને ત્રણ ટંકના ભોજનની પણ સમસ્યા છે. 'અન્નપુર્ણા' યોજના હેઠળ આવા સમાજબંધુઓ માટે માસિક ટીફીન યોજના અંતર્ગત એક માસની રાશનકીટ અથવા તૈયાર ટીફીન માટે મહાસભા તરફથી રૂા. ૧૫૦૦/- પ્રતિ વ્યક્તિ/ પ્રતિ માસ અપાય તેવી વ્યવસ્થા કરવામાં આવી. આ યોજના અંતર્ગત સમાજ પ્રેમી- દિલેર દાતાશ્રી સમાજબંધુ આવા અતિ જરૂરીયાતમંદ પરિવારને 'દત્તક' લઇ એક મહિનાના રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી આપણા સમાજના એક સમાજબંધુની આંતરડી ઠારી શકવાનું પુણ્ય કમાઇ શકે છે. આમેય આપણા શાસ્ત્રોમાં ભૂખ્યાને ભોજન એટલે કે અન્નદાનને શ્રેષ્ઠદાન કહેવામાં આવેલ છે. વર્તમાન સમયના સર્વે મુજબ જ ૨૦ થી ૩૦ સમાજબંધુઓના આવેદન પત્ર 'અન્નપુર્ણા' યોજના માટે આવેલ છે.

આજરોજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ પણ આ પુણ્યદાયી પવિત્ર મહાયજ્ઞમાં જોડાઇ, માત્ર પ્રતિ માસ રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી, આપણા જ પીડીત-વંચિત સમાજબંધુને સ્વમાનભેર જીવન વ્યતિત કરવામાં સહાયરૂપ બનીએ. આવા પીડીત-વંચિત-લાચાર સમાજબંધુ કમ સે કમ ત્રણ ટંક ભોજન માટે કોઇના પણ ઓશિયાળા ન રહે તે જોવાની પવિત્ર ફરજ આપણા જેવા સુખી-સંપન્ન પરિવારની પણ બની રહે છે. મને આશા જ નહીં પણ પૂર્ણ વિશ્વાસ છે કે આપણા સમાજના દિલેર દાતાશ્રીઓ 'અન્નપુર્ણા' યોજનાના માધ્યમથી... ''ભગવાન ભૂખ્યો ઉઠાડે પણ ભૂખ્યો સુવાડે તો નહીં.'' ઉક્તિને સાચા અર્થમાં સાર્થક કરીએ... અસ્તુ... જય સમાજ...

વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (પ્રભારી - 'અન્નપુર્ણા')

### (બિલાસપુર અધિવેશન દરમ્યાન નોંધાયેલ અન્નદાન)

### અન્નપુર્ણા યોજના અંતર્ગત નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી... (પ્રતિ લાભાર્થી રૂા. ૧૦૦૦ પ્રતિમાસ)

| | |
|---|---|
| ૨૪૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) જયપુર (બે લાભાર્થીનું એક વર્ષ સુધીનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી નટવરલાલ હીરાલાલભાઇ ચૌહાણ - નાસિકરોડ (બિટકો) (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી દિપેશભાઇ પ્રભુલાલભાઇ પરમાર - નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી રામ ભરોસે હા. વિનોદભાઇ ખોડિયાર - અંજાર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા - વડોદરા-નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિલીપભાઇ દયારામભાઇ ચૌહાણ - ચંદ્રપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી રવિન્દ્રભાઇ ટાંક - કોરબા (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી નટવરલાલભાઇ નરસીભાઇ રાઠોડ - વિશાખાપટ્ટનમ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - બિલાસપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) (અપૂર્ણ) |

વિનંતી : ઉપરોક્ત અન્નદાતાશ્રીઓને વિનમ્ર વિનંતી કે આપશ્રીનો સહયોગ 'અન્નપુર્ણા' ટાઇટલમાં જણાવેલ પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટમાં જમા કરાવી ફોન દ્વારા સૂચિત કરવા વિનંતી. આ એક અતિ આવશ્યક યોજનામાં અન્ય સેવાભાવી સમાજપ્રેમીબંધુઓને જોડાવા પ્રેરીત કરવા વિનંતી...

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## ગોંદિયા ઘટક





તા. ૨૨-૦૧-૨૦૨૪ શ્રી રામલલ્લા પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે સાંજે ૪ વાગ્યા થી ગોંદિયાનું પ્રાચીન મંદિર શ્રીરામ મંદિર રેલટોલીથી રથગાડીમાં શ્રીરામજી ભગવાનની મૂર્તિ શણગારીને વાજતે-ગાજતે સમાજવાડી સુધી લાવવામાં આવી. જેમાં ગોંદિયા ઘટકની કાર્યકારીણીના સભ્યો, મહિલા મંડળ તથા યુવા મંડળના સભ્યોની ઉપસ્થિતિ વધુ પ્રમાણમાં જોવા મળી હતી. ૧૨ વર્ષ તથા તેનાથી નાના બાળકો શ્રીરામ સીતા હનુમાનજીની સુંદર વેશભુષામાં તૈયાર થઇને આવ્યા હતા તથા બધા બાળકો પગે ચાલી સમાજવાડી સુધી આવ્યા હતા. બાળકોને પુરસ્કાર આપી તેઓનો ઉત્સાહ વધાર્યો હતો. પ્રભુ શ્રીરામજીનું શુભ આગમન થયા બાદ સમાજવાડીમાં પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઇ રાઠોડ પરિવાર તેમજ ઉપપ્રમુખ શ્રી દિલીપભાઇ પોપટભાઇ ટાંક પરિવાર દ્વારા શ્રીરામ લલ્લાનું ભાવભીનું સ્વાગત કરી પૂજા-અર્ચના કરવામાં આવી હતી. નર્મદા ભજન મંડળ દ્વારા શ્રી હનુમાન ચાલિસાની પ્રસ્તુતી કરવામાં આવી હતી તેમજ ઘટકની સર્વે બહેનોએ રાસ-ગરબા લઇ કાર્યક્રમની શોભામાં વધારો કરેલ હતો. મહિલા મંડળના સહમંત્રી શ્રીમતી પ્રિયંકાબેન પ્રતિભાઇ રાઠોડે મંચ સંચાલન કરેલ હતું. ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઇ રાઠોડ, વિદર્ભ પ્રા. પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ રણજીભાઇ પરમાર - બાલાઘાટ, અ.ભા.મ. મહામંડળના વિદર્ભ પ્રાદેશીક પ્રમુખ શ્રીમતી સંજાલીબેન મહેશભાઇ ચૌહાણ - ચંદ્રપુર, ગોંદિયા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન જયંતીભાઇ વેગડ તથા યુવા મંડળ પ્રમુખ શ્રી રવીભાઇ જ. પરમારને મંચ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા. મહેમાનોનું પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. અ.ભા.મહિલા મહામંડળની ઉત્સવ સમિતિના સભ્ય શ્રીમતી ગીતાબેન જીતેન્દ્રભાઇ પરમાર તથા શ્રીમતી પ્રિયંકાબેન પ્રતિકભાઇ રાઠોડ - મિડીયા મંત્રી, શ્રીમતી તનુજાબેન ક. રાઠોડ - સ્વાસ્થ્ય મંત્રી, શ્રીમતી કોકીલાબેન દેવેન્દ્રભાઇ રાઠોડ - માનદ્ સભ્ય તથા અ.ભા.યુવા મહામંડળ દ્વારા શ્રી દાનીશભાઇ ક. રાઠોડ, શ્રીમતી દક્ષાબેન કોમલભાઇ પરમાર - ચંદ્રપુર ઘટકના પ્રમુખનું પણ પુષ્પગુચ્છ તથા શાલથી સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ વર્ષ ૧૯૯૨માં ગોંદિયાના સદસ્ય શ્રી પ્રફુલભાઇ જીવરામભાઇ રાઠોડ અયોધ્યામાં રામ મંદિરની નિવ રાખવામાં આવી ત્યારે તેઓ ત્યાં ઉપસ્થિત હતા. તેમનું પણ સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવનાર શ્રી સંજયભાઇ સુરેશભાઇ પરમાર તથા શ્રી વિનયભાઇ મુલજીભાઇ પરમારનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવેલ. લગભગ ૩૫૦ સમાજબંધુઓએ આ કાર્યક્રમમાં આનંદ માણી મહાપ્રસાદ ગ્રહણ કરેલ હતો. ગોંદિયા મહિલા મંડળ અને યુવા મંડળનો આ કાર્યક્રમમાં વિશેષ સહયોગ મળેલ હતો.

## કલ્યાણ ઘટક



કલ્યાણ ઘટક દ્વારા રવિવાર, તા. ૨૫/૨/૨૦૨૪ના રોજ એક દિવસીય વન (જંગલ) પિકનીકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૪૫થી વધુ સમાજબાંધવોએ બુકીંગ કરાવીને ભાગ લીધો હતો. ભિસેગાંવ (કર્જત) સ્થાને આવેલ કલ્યાણના મોભી આદરણીય અમરશીભાઇ જેરામભાઇ રાઠોડ પરિવારની મિલકત સાથે શ્રી વરદ વિનાયક મંદિર (અષ્ટવિનાયક), મહડ

અને શ્રી ગગનગિરી મહારાજ આશ્રમ, ખોપોલીની મુલાકાત લીધેલ હતી. સવારે ૭.૦૦ કલાકે બસ દ્વારા નિકળીને સૌ પ્રથમ શ્રી ગણપતિ દાદાના દર્શન કરીને શ્રી ગગનગિરી મહારાજ આશ્રમ, ખોપોલી સ્થાને બપોરનો ભોજન પ્રસાદ લઇને અમરશીભાઇ જેરામભાઇ રાઠોડ પરિવારની જગ્યામાં સાંજે વિવિધ પ્રકારની ગેમો, કોમ્પીટીશન, સંગીત ખુરશી, વિવિધ ઇનામો જીતીને બાળકો અને ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યાર બાદ કર્જતની સુપ્રસિદ્ધ મિસળ પાવનો આસ્વાદ લઇ કલ્યાણ તરફ પ્રયાણ કરેલ હતું. અમરશીભાઇ જેરામભાઇ રાઠોડ પરિવારના શ્રી કિશનભાઇ, શ્રી હિમ્મતભાઇ, શ્રી



આત્મારામભાઇ, શ્રી સુરેશભાઇ અને શ્રી કલ્પેશભાઇનો કલ્યાણ ઘટક હૃદયપૂર્વક આભાર માને છે.

## જામનગર-સિક્કા ઘટક

તા. ૧૪-૦૨-૨૦૨૪ના રોજ જામનગર-સિક્કા ઘટકની શુભેચ્છા મુલાકાતે ગુજરાત પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી રસીકભાઇ હરિલાલભાઇ ચૌહાણ પધારેલ. જામનગર-સિક્કા ઘટકના મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ પ્રભુલાલ ચૌહાણ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવેલ તેમજ ઘટકના ઉપપ્રમુખ શ્રી સંજયભાઇ નટુભાઇ ટાંક દ્વારા તેમને સન્માનિત કરવામાં આવેલ. શ્રી રસિકભાઇ દ્વારા ઘટક પ્રત્યે રસ દાખવી અને ઘટકની સઘળી માહિતિ મેળવવામાં આવેલ. બાદમાં શ્રી



સંજયભાઇના ઘરે રાત્રી રોકાણ કરી તા. ૧૫ના રોજ સવારે ગાંધીનગર પરત ગયેલ હતા.

## સુરેન્દ્રનગર ઘટક



સન્માનનો પ્રત્યુત્તર આપતા શ્રીમતી કંચનબેને જણાવેલ કે મને ખુબજ ખુશી થાય છે. ઓટલી સારી સંખ્યાં મારી બહેનોએ હાજરી આપેલ. બસ આવી સમાજ પ્રત્યેની ભાવના રાખી અને સમાજના સારા કાર્યો કરતા રહેજો. ત્યાર બાદ નારી ઉત્કર્ષનું સામાજીક ચિંતન અને રસપ્રદ પ્રશ્નોતરી યોજવામાં આવેલ. રીટાબેન ચૌહાણ તેમજ અમિતાબેન સોલંકી દ્વારા સગપણ વિષે માર્ગદર્શન આપેલ હતું. જેમ કે, લગ્ન વિચ્છેદ, દિકરીને સંસ્કાર આપવા, છુટાછેડાના મૂળ કારણો ક્યા ? શા માટે સગપણ અને લગ્ન તુટી જાય છે જેની બહેનોએ પોતાના વિચારો છણાવટ કરવામાં આવેલ. સગપણ સંમેલનોમાં વધુમાં વધુ પાત્રો જોડાય તેવો અનુરોધ કરેલ.

શ્રીમતી રીટાબેને જણાવ્યું હતું કે, ભણતર સાથે ગણતર હોવું જરૂરી છે. ગમે તેટલી ડીગ્રી ધરાવતી દિકરી જ્યારે સાસરે જાય છે ત્યારે તેનામાં સંસ્કાર અને કુટુંબ સાથેની ભાવના, સ્નેહ, લાગણી હશે તો સંસાર સુંદર રીતે ચલાવી શકશે. શ્રીમતી પુષ્પાબેન ટાંકે જણાવેલ કે, નારી ધારે તે કરી શકે છે. તેમના સ્ત્રી તરીકેના કેટલા બધા સ્વરૂપ તે પાત્ર ભજવતી હોય છે. અને નારી હંમેશા બીજા માટે જ જીવતી હોય છે. સંસ્કાર રૂપી સુવાસ ફેલાવતી હોય છે. શ્રીમતી ઇલાબેન ચાવડાએ જણાવેલ કે, બહેનો ગમે તેટલું શિક્ષણ મેળવશે પણ તેને સંસ્કાર મેળવવા ખુબજ જરૂરી છે.

બપોર ભોજન બાદ ભુજના આશાબેન દ્વારા એક મિનિટની રોચક ગેમ રમાડવામાં આવેલ અને વિજેતાઓને ઇનામ આપેલ. સાથે હાઉઝી ગેમ પણ રમાડેલ તેમજ લક્કી ડ્રો કરવામાં આવેલ. બધા વિજેતાઓને ઇનામો આપેલ. અંતમાં

આભારવિધી ઉષાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રાદેશિક મહિલા મંડળના હોદ્દેદારો, અ.ભા.મહિલા મહામંડળના હોદ્દેદારોની હાજરી રહેલ હતી.

અંતમાં સ્વાસ્થ્ય સમિતિના બહેનો નયનાબેન ચૌહાણ અને ચંદ્રિકાબેન યાદવનું શ્રીમતી અમિતાબેન, રીટાબેન તથા ટીમે તેમનું સન્માન કરેલ અને નયનાબેને તેમજ ચંદ્રિકાબેને રીટાબેન તથા અમિતાબેનું મોમેન્ટોથી સન્માન કરવામાં આવેલ તેમજ નયનાબેન દ્વારા ૬૦૦ જેટલી બહેનોને પોતે બનાવેલ મુખવાસ એમના તરફથી આપવામાં આવ્યો હતો. આ હોલની, સ્ટેજની સુંદર વ્યવસ્થા અનિતાબેન નિતિનભાઇ ટાંક તરફથી અને હોલનું ભાડું પણ એમના તરફથી આપવામાં આવેલ તે બદલ તેમનું સન્માન કરવામાં આવેલ. ખુદ બન્ને પતિ-પત્નિ રૂબરૂ હાજર રહી સ્ટેજ વ્યવસ્થા અને હોલની વ્યવસ્થા સંભાળેલ. તેમનો આભાર માનવામાં આવેલ. અંતમાં આભારવિધી ટ્રસ્ટના શંભુભાઇને સાલ ઓઢાળી સન્માન કરેલ તેમજ શક્તિ સાઉન્ડ જેઓએ ખુબજ વ્યાજબી ભાવે સેવા આપેલ તેમનો મહિલા મંડળે આભાર વ્યક્ત કરેલ.

## વડોદરા મહિલા મંડળ




ગત તા. ૦૪-૦૨-૨૦૨૪ ''વર્લ્ડ કેન્સર ડે'' તથા આગામી તારીખ ૦૮-૦૩-૨૦૨૪ ''ઇન્ટરનેશનલ વુમન્સ ડે''ને અનુલક્ષીને વડોદરા ઘટક મહિલા મંડળ દ્વારા બહેનોમાં જાગ્રુતતા લાવવા માટે ''અવેરનેસ ટૉક ઓન કેન્સર એન્ડ ડાયાબીટીસ ઇન વુમન્સ''નું આયોજન તા. ૧૭-૦૨-૨૦૦૪ના રોજ સ્ટર્લીંગ હોસ્ટિપલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. વિભા નાયક (ઓન્કોલોજીસ્ટ) દ્વારા કેન્સર તથા ડૉ. મનોજ મહેતા (ડાયાબીટોલોજીસ્ટ) દ્વારા ડાયાબીટીસ અંગે વિસ્તૃત જાણકારી, થવાના કારણો તથા નિરાકરણની સચોટ માહિતી આપવામાં આવી હતી. મહિલા મંડળના પ્રસારણ મંત્રી બિનિતા ટાંકે લાયન્સ ક્લબ સાથે કો-ઓર્ડીનેટર તથા રૂદ્ર ટાંકે સેક્રેટરીની જવાબદારી નિભાવી હતી. કાયક્રમ દરમ્યાન નિઃશુલ્ક હાઉઝી, ચા-કોફી, કુકીઝના નાસ્તા સાથે વિજેતા બહેનોને સુંદર ઇનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ૫૦ ઉપરાંત બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તથા પોતાના સ્વાસ્થ્ય અંગે જાગ્રુતતા દર્શાવી હતી.

વડોદરા મહિલા મંડળ દ્વારા શિવશક્તિના સમન્વય સ્વરૂપ શિવરાત્રી તથા વિશ્વ મહિલા દિવસની સંયુક્ત ઉજવણી તા. ૦૯-૦૩-૨૦૨૪ના રોજ સમાજ ભવન ખાતે કરવામાં આવી. જેમાં બહેનો માટે એક રસપ્રદ ''જાતે શિવલિંગ બનાવવીને સજાવવાની'' હરિફાઇ યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થી બહેનોથી લઇને ૭૦ વર્ષની ઉપર સુધીના બહેનોએ ભાગ લીધો હતો. જેમાં દક્ષાબેન પી. કાચા - પ્રથમ, કોમલબેન ડી. ચાવડા - દ્વિતીય તથા બીનાબેન ડી. ચૌહાણ તૃતિય વિજેતા રહ્યા હતા. નિર્ણાયક તરીકે ઉમાબેન, કૈલાશબેન તથા હેતલબેને નિર્ણયો જાહેર કર્યા હતા. દેવાધિદેવ શિવશંકરની ભક્તિભર આરાધના માટે



વડોદરા, માંજલપુરના પ્રખ્યાત 'રાધે' ભજન મંડળી સાથે મહિલા મંડળ કારોબારી સભ્યો, વડોદરા ઘટકનાં સૌ સભ્ય બહેનો તથા અન્ય આમંત્રીત બહેનોએ સુંદર ભજનો ગાયા હતા. બાદ થાળ, આરતી, પ્રસાદ વિતરણ વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત વિશિષ્ટ મહિલાઓને સન્માનિત કરાયા. પરિવાર માટે પોતાની આવડત તથા શોખ આધારિત પ્રવૃત્તિ, વ્યવસાય કે નોકરી દ્વારા આર્થિક ઉપાર્જન કરી પતિ તથા પરિવારને મદદરૂપ હોય તેવા સૌ બહેનોને સુંદર છોડ (રોપા) સહિત કુંડા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા તથા મહિલા મંડળ સલાહકાર તથા અ.ભા.મ.મહામંડળ યોગાધ્યક્ષ સરલાબેન દ્વારા હાજર સૌને હેપ્પી થોટ્સની પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં વિજેતાઓને પુરસ્કૃત તથા સન્માનિત કર્યા બાદ સૌને સ્વાદિષ્ટ નાસ્તો પીરસીને આહલાદક ઉજવણી કરાવવામાં આવ્યા બાદ સૌ વિરમ્યા હતા.

## જબલપુર મહિલા મંડળ



જબલપુર મહિલા મંડળ દ્વારા વસંત પંચમીનો ઉત્સવ પ્રમુખ શ્રીમતી ચંચલબેન યાદવ તથા મંત્રી શ્રીમતી સોનિયાબેન પરમારના સહયોગથી ઉજવવામાં આવેલ જેમાં પ્રભુ પ્રાર્થના સાથે સરસ્વતી વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ તેના બાદ ભજનોથી વાતાવરણને ભક્તિમય બનાવ્યું થાળ અને આરતી કરીને પ્રસાદી ધરાવીને પછી વસંત ઉત્સવનું કાર્યક્રમ આગળ વધાર્યું તેમાં ફૂલોથી બનાવેલા ગેહના પહેરવાનું હરીફાઈ રાખવામાં આવેલ હતી તેમાં બહેનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો એમાં પ્રથમ નિશાબેન અજયભાઈ રાઠોડ, દ્વિતીય જયશ્રીબેન રાજીવભાઈ વેગડ, તૃતીય જ્યોતિબેન યોગેશભાઈ ચાવડા તેમજ સાંત્વના પુરસ્કાર રીનાબેન જયનેન્દ્રભાઈ જેઠવાને આપવામાં આવેલ જજ રૂપે શ્રીમતી કુંજનબેન પૂર્વીકભાઈ રાઠોડ હતા. શ્રીમતી નીતાબેન વેગડ તરફથી બહેનો માટે સ્વલ્પાહાર રાખવામાં આવેલ તેમજ સર્વે બહેનો ઉત્સાહથી તૈયાર થઈને પીળા રંગની સાડી પહેરીને આવેલ હતા અને મા સરસ્વતીને યાદ કરતા આ કાર્યક્રમને ખુબ જ સફળ બનાવ્યું કાર્યક્રમમાં મહાકૌશલ પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી દીપીકાબેન નટવરભાઈ રાઠોડ તથા પૂર્વ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નીતાબેન વેગડ તેમજ જબલપુર મહિલા મંડળ પ્રમુખ



ચંચલબેન યાદવ મંત્રી શ્રીમતી સોનિયાબેન પરમાર તથા સર્વે મહિલા મંડળના ખૂબ જ સહયોગ થી કાર્યક્રમ સફળ બન્યું ત્યારબાદ હાઉસની મજા માણીને પુરસ્કાર વિતરણ બાદ પ્રસાદ અને સ્વલ્પાહારનું આનંદ લઈને સર્વે છૂટા પડ્યા બધી બહેનોએ વસંત ઉત્સવ ખૂબ જ ધૂમધામથી મનાવ્યું.

જબલપુર મહિલા મંડળ દ્વારા તેના મહિલા મંડળ માટે


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત – એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય – ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ – શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

તારીખ ૧૯/૦૨/૨૪ પિકનિક સ્પોટ ગોપાલપુર લક્ષ્મી નારાયણ મંદિરના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળના વડા શ્રીમતી ચંચલ બેન યાદવ અને મંત્રી શ્રીમતી સોનિયા કેતનભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન, પિકનિક સ્પોટ પર પહોંચ્યા પછી, સૌ પ્રથમ સૌએ નાસ્તો કર્યો અને ત્યારબાદ દરેકે વિવિધ મનોરંજક રમતોમાં ખૂબ જ મજા કરી. આ સમય દરમિયાન બાળકોને હસવાના ફાયદાઓ જણાવ્યા હતા. રમતગમતમાં ડિમ્પલ ટાંક, રેખા પરમાર, નિશા રાઠોડ, માયાબેન ચૌહાણે એવોર્ડ મેળવ્યા હતા. ત્યારબાદ સૌએ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.ત્યારબાદ સૌએ નર્મદા નદીના કિનારે જઈને ખૂબ આનંદનો અનુભવ કર્યો હતો અને ઘણા બધા ફોટોગ્રાફ્સ લીધા હતા.બસની મુસાફરી દરમિયાન સૌએ ગીતો ગાઈને પ્રવાસને જીવંત બનાવ્યો હતો. ત્યાર બાદ બધાએ કલ્યાણી ભવનમાં જઈને મેડિટેશન કર્યું. આ પીકનીકને સફળ બનાવવામાં શ્રીમતી ચેતનાબેન રાઠોડ, શ્રીમતી કીર્તિબેન રાઠોડ, શ્રીમતી ચેતનાબેન રાઠોડ જહેમત ઉઠાવી હતી. રૂપલબેન પરમાર, શ્રીમતી રેખાબેન પરમાર, શ્રીમતી લીનાબેન પરમાર, શ્રીમતી પારૂલબેન પરમાર વગેરેનો ખૂબ મોટો ફાળો હતો જેના માટે મહિલા મંડળ તેઓનું ખૂબ ખૂબ આભારી રહેશે. અંતમાં મંત્રી સોનિયાબેન પરમારે સૌનો આભાર વ્યક્ત કર્યો અને અમારી સાથે આવવા અને પિકનિકને મનોરંજક બનાવવા બદલ તમામ સભ્યોનો આભાર માન્યો હતો.

## છત્તીસગઢ પ્રા. મહિલા મંડળ







છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ સત્ર ૨૦૨૪-૨૦૨૬માં પ્રમુખ તરીકે શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડની વરણી કરવામાં આવેલ. ત્યાર બાદ શ્રીમતી નીતાબેન રાઠોડ દ્વારા નીચે મુજબ કારોબારની નિમણુંક કરવામાં આવેલ હતી.

સલાહકાર પ્રમુખ - શ્રીમતી નિશાબેન પ્રફુલભાઇ ચાવડા - ડોંગરગઢ, પ્રમુખ - શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડ - રાયપુર, મહામંત્રી - શ્રીમતી સોનલબેન પરેશભાઇ રાઠોડ, - રાયપુર, મંત્રી - શ્રીમતી અરૂણાબેન તુષારભાઇ ચૌહાણ - રાયગઢ, ઉપપ્રમુખ - શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઇ વરૂ - કુમ્હારી, કોષાધ્યક્ષ - શ્રીમતી અનિતાબેન લલીતભાઇ વાઢેર - રાયપુર, વરીષ્ઠ સલાહકાર પ્રમુખ - શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા - રાયપુર, સહમંત્રી - શ્રીમતી અમિતાબેન સોલંકી - બાગબહારા, શ્રીમતી હિનાબેન હિતેશભાઇ સોલંકી - દુર્ગ, સહ કોષાધ્યક્ષ - શ્રીમતી રંજનબેન જયેશભાઇ ચાવડા - કુમ્હારી તથા વિવિધ પ્રભારીઓ, સલાહકાર સભ્યો અને કાર્યવાહક સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## રાયપુર મહિલા મંડળ







શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયપુર મહિલા મંડળ દ્વારા ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં ૮૦ વર્ષથી ઉપરના સમાજના આદરણીય વડીલ ભાઇઓ અને બહેનોનું ઘરે ઘરે જઇને ચંદન, શ્રીફળ, શાલ અને ફુલહારથી સન્માન કરી મીઠું મોઢું કરાવવામાં આવેલ અને તેમના આશીર્વચન લેવામાં આવેલ. સર્વ પ્રથમ સમ્માન મહિલા મંડળની ટીમ દ્વારા ૧૦૧ વર્ષના વડીલ માતુશ્રી પ્રેમુબેન મોરારજીભાઇ રાઠોડના ઘરે જઇને કરવામાં આવેલ. આ ઉંમરે તેઓ ખુબજ એક્ટીવ છે અને તેઓ વાંચનનો શોખ ધરાવે છે.

બીજું સમ્માન ૧૦૦ વર્ષના વડીલ ભાઇશ્રી મુકુન્દભાઇ સોલંકીનું કરવામાં આવેલ. તેઓ આ ઉંમરે ખુબજ એકટીવ છે. ત્રીજું સમ્માન ૯૭ વર્ષના વડીલ ભાઇશ્રી દેવરામભાઇ જગમાલભાઇ ચૌહાણનું કરવામાં આવેલ. તેઓ મહાસભામાં ભૂતપૂર્વ મંત્રી રીતે સેવા આપેલ અને રાયપુર ઘટકની સ્થાપના એમના હસ્તે કરવામાં આવેલ. ચોથું સમ્માન ૯૫ વર્ષના વડીલ

માતુશ્રી કમલાબેન કાંતિભાઇ સાવરીયાનું કરવામાં આવેલ. પાંચમું સમ્માન ૯૭ વર્ષના વડીલ માતુશ્રી કાન્તાબેન ભાણજીભાઇ સોલંકીનું કરવામાં આવેલ. છઠ્ઠું સન્માન ૮૫ વર્ષના પ્રભાબેન પુરૂષોત્તમભાઇ વરૂનું કરવામાં આવેલ. તેઓ મહિલા મંડળમાં ભૂતપૂર્વ પ્રમુખ રીતે પોતાની સેવા આપી હતી. સાતમું સમ્માન ૮૫ વર્ષના શાન્તાબેન ચંદુલાલભાઇ પરમારનું કરવામાં આવેલ તેઓ મૂલકામ કરી પોતાનું ગુજરાન કરે છે. તેઓના અમને અંતર મનથી આશીર્વાદ મળ્યા. તેઓને ખુબજ ખુશી થઇ. અશ્રુપૂર્ણ હર્ષ સાથે મનના ઉદ્‌ગાર સાથે કહ્યું કે ખૂબજ સમાજ સેવા કરી અને સમાજનું નામ રોશન કરો.

## ઉદયપુર મહિલા મંડળ

તા. ૦૧-૦૧-૨૦૨૪ના રોજ ઉદયપુર મહિલા મંડળની સામાન્ય સભા સુખાડીયા સમાધી ગાર્ડનમાં ઇનાબેન રાઠોડ તરફથી રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત સરપ્રાઇઝ ગેમથી કરવામાં આવી હતી. ગણેશ વંદના સાથે પ્રભુ શ્રીરામના ભજન દ્વારા બહેનોએ ભક્તિનો લાભ લીધો હતો. સરપ્રાઇઝ ગેમના વિજેતા પ્રિયંકાબેન ચૌહાણ રહ્યા હતા. પછી હાઉઝી ગેમ અને સુંદર મજાની કાર્ડ ગેમ દ્વારા મીટીંગનો મધ્યાહન પૂર્ણ થયો અને સ્વાદીષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો. ગેમના વિજેતા બહેનો પ્રથમ સ્થાને ચંદાબેન પરમાર, બીજા સ્થાને લતાબેન પરમાર અને પ્રિતીબેન ચૌહાણ અને જસુમતીબેન રાઠોડ વિજેતા થયેલ. વિજેતા રહેલ બહેનોને તાડીઓના ગડગડાટ સાથે ઇનાબેન રાઠોડ તરફથી ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ હર્ષભેર સૌ છુટા થયા હતા. તા. ૨૨-૦૧-૨૦૨૪ના રામલલા પ્રાણ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં પ્રમુખ શ્રીમતી આશાબેન ચૌહાણના ઘરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મનાવવામાં આવ્યો હતો. જેમાં ભગવાન શ્રીરામ અને સીતા માતાની જોડી કુંવારિકા બનેલ હતી. તેમનું સ્વાગત કરી પૂજા કરી બધા બહેનોએ શ્રીરામજીના ભજન ગાઇને ખુબ આનંદ લીધો હતો.

## આદીપુર મહિલા મંડળ

તા. ૦૪-૦૨-૨૦૨૪, રવિવારના સાંજે ૪.૦૦ વાગે આદિપુર મહિલા મંડળની સામાન્ય સભા સમાજ ભવનમાં રાખવામાં આવેલ. જેમાં સત્ર ૨૦૨૪-૨૬ માટે આદિપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન નિતીનભાઇ ટાંકને નિર્વિવાદ આદિપુર મહિલા મંડળના પ્રમુખ પદે પુનઃ નિયુક્ત કરવામાં આવેલ. પ્રમુખશ્રીએ તેમની કારોબારી સમિતિની રચના આ મુજબ કરી હતી. જેમાં પ્રમુખ - અનિતાબેન નિતીભાઇ ટાંક, મંત્રી - નિશાબેન અમિતભાઇ ચાવડા, ઉપપ્રમુખો - પલ્લવીબેન મહેશભાઇ પરમાર, નીતાબેન જગદીશભાઇ ટાંક, મહામંત્રી - અનુરાધાબેન સતીષભાઇ ટાંક, સહમંત્રીઓ - કિર્તીબેન રૂકેશભાઇ પઢિઆર, મનિષાબેન શૈલેષભાઇ ચૌહાણ, ખજાનચી - કલ્પનાબેન વલમજીભાઇ વાઘેલા, સહ ખજાનચી -



તૃપ્તિબેન રાજેશભાઇ વાઢેર તથા સાત કારોબારી સભ્યો અને ચાર સલાહકાર સભ્યોની વરણી કરવામાં આવેલ હતી. મહિલા મંડળનો ડ્રો હીનાબેન રાઠોડને લાગેલ. તા. ૦૯-૦૨-૨૪ના તેમના ઘરે કીટી પાર્ટીનું આયોજન કરેલ. પ્રભુ પ્રાર્થના બાદ ડ્રો કરેલ. તેમણે સુંદર રમતનું આયોજન કરેલ. તેમના તરફથી ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ હાઉઝી ગેમ રમેલ. બધાએ ખૂબ આનંદ માણેલ. અલ્પાહાર લઇ સૌ છુટા પડેલ.


Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

## સિંગભુમ પ્રા. મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સિંગભુમ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા હોળીના ઉપલક્ષમાં ઓનલાઇન હોલી મિલન સમારોહ તા. ૧૪-૦૩-૨૦૨૪ના લેવામાં આવેલ. સીંગભુમ પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ કલવિકાબેન તુષારભાઇ રાઠોડના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ પ્રારંભ કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થનાની સુંદર પ્રસ્તુતી પલ્લવીબેન દ્વારા મીટીંગમાં ચાઇબાસા, જમશેદપુર, ચક્રધરપુર અને ચાંડીલ ઘટકોની બહેનોએ ખુબજ ઉત્સાહભેર ચુનરી અને ચશ્મા પહેરી ભાગ લીધેલ. સર્વે બહેનો આપસમાં એકબીજાને રંગ લગાવી હોળીની શુભેચ્છા આપેલ.

અ.ભા.મ. મહામંડળ પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણ પણ આ મીટીંગમાં ઓનલાઇન ઉપસ્થિત રહ્યા હતા. આદ. શ્રીમતી ગીતાબેને અ.ભા.મ.મહામંડળના કાર્યોની જાણકારી આપેલ. પ્રાદેશિકની વિભિન્ન ઘટકોના બહેનોને માર્ગદર્શન આપી પ્રોત્સાહીત કરેલ. સિંગભુમ પ્રાદેશિક મહિલા મંડળ વતી આદ. શ્રીમતી ગીતાબેનનો આભાર વ્યક્ત કરેલ. આ હોળી સમારોહમાં અ.ભા.મ. મહામંડળના મીડીયા મંત્રી હીનાબેન રાઠોડ, ઉત્સવ



સમિતિ મંત્રી ભાવનાબેન રાઠોડ, સિંગભુમ પ્રાદેશિક મહિલા મંડળ મંત્રી અંજુબેન, જમશેદપુર મહિલા મંડળ પ્રમુખ તૃપ્તિબેન, ચાયબાસા મહિલા મંડળ પ્રમુખ હર્ષાબેન પરમાર, ચાંડીલ મ.મં. પ્રમુખ કવિતાબેન, ચક્રધરપુર મહિલા મંડળ પ્રમુખ અંજનાબેન તથા પ્રાદેશિક મહિલા મંડળના હોદ્દેદારો, વિભિન્ન ઘટકોના બહેનો ઉપસ્થિત રહ્યા હતા. લતાબેન, ગીતાબેન, પલ્લવીબેન, પાયલબેન દ્વારા ખુબજ સુંદર હોલીના ગીતોનું ગાયન કરવામાં આવેલ. ઉપસ્થિત સર્વે બહેનો માટે લક્કી ડ્રોનું આયોજન કરવામાં આવેલ. લક્કી ડ્રોના વિજેતા તૃપ્તિબેન હતા. સિંગભુમ પ્રા.મં.મંડળના સર્વે બહેનો ખુબજ ઉત્સાહ-ઉલ્લાસથી હોલી મિલન સમારોહમાં ભાગ લીધેલ. સિંગભુમ પ્રા. મ.મંડળ પ્રમુખ કલવિકાબેન રાઠોડ દ્વારા ઉપસ્થિત સર્વે બહેનોને કાર્યક્રમને સફળ બનાવવા બદલ અભિનંદન આપેલ. પ્રા.મ.મંત્રી અંજુબેન દ્વારા આભારવિધી પુરી કરવામાં આવેલ.

## રાઉરકેલા મહિલા મંડળ




રાઉરકેલા મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવેલ. સર્વપ્રથમ મહિલા મંડળ પ્રમુખ તથા તેમના કારોબારી ટીમના સદસ્યો દ્વારા દીપ પ્રાગટ્ય તથા પ્રભુ પ્રાર્થના રજુ કરવામાં આવી. ત્યાર બાદ શ્રીમતી અનિતાબેન હરીશભાઇ ટાંક તથા ભુમિકાબેન ચાવડા દ્વારા નારી શક્તિને સમર્પિત એક લોકપ્રીય ગીત રજુ કરવામાં આવ્યું. ત્યાર બાદ શ્રીમતી ભુમિકાબેન નીતીનભાઇ વરૂને પશ્ચિમ ઓરિસ્સા પ્રાદેશિક પ્રમુખ નિમણુંક થવા બદલ રાઉરકેલા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમારના વરદ હસ્તે સૉલ તથા પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું. ત્યાર બાદ સર્વે મહિલા મંડળના સદસ્યો દ્વારા મહિલા દિવસ ઉપર પોતાનો વિચાર વ્યક્ત કરવામાં આવ્યો. ત્યાર બાદ રાઉરકેલા મહિલા મંડળની બહેનોએ જે પોતાના પગભર થવા પોતાની સ્વરૂચી અને શક્યતા પ્રમાણે કાર્ય કરી પોતાના પરિવારજનોને ભરણ-પોષણ કરી રહ્યા છે તેમને પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું. ત્યાર બાદ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર તથા ઉપપ્રમુખ શ્રીમતી અનિતાબેન હરીશભાઇ ટાંક, મંત્રી શ્રીમતી ભુમિકાબેન ચાવડા, કાર્યવાહક સભ્ય શ્રીમતી રીચાબેન પરેશભાઇ રાઠોડ, શ્રીમતી ચંચલબેન રાજેશભાઇ ટાંક દ્વારા મહિલા સશક્તિકરણનો ડાન્સ પ્રોગ્રામ રજુ કરવામાં આવ્યો તથા નીતાબેન દિપેશભાઇ રાઠોડે સુંદર ગીત રજુ કર્યું. અંતમાં શ્રીમતી ભુમિકાબેન ચાવડા દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને સૌ છુટા પડ્યા હતા.

## ગોંદિયા મહિલા મંડળ





ગોંદિયા મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ જે ૮મી માર્ચના હોય છે પરંતુ તે દિવસે મહાશિવરાત્રી હોવાના કારણે તા. ૯-૩-૨૦૨૪ના રોજ આ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ઘટકની સર્વે બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સર્વ પ્રથમ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન વેગડ, સલાહકાર મંડળના પ્રમુખ શ્રીમતી જયાબેન પરમાર, ઉપપ્રમુખ શ્રીમતી મંજુબેન રાઠોડ તથા શ્રીમતી લતાબેન રાઠોડ, મંત્રી શ્રીમતી તનુજાબેન રાઠોડ, કોષાધ્યક્ષ શ્રીમતી સંગીતાબેન રાઠોડ તેમજ સલાહકાર મંડળના સભ્ય શ્રીમતી કોકીલાબેન રાઠોડને મંચ પર આમંત્રીત કરવામાં આવેલ હતા.

કાર્યક્રમની શરૂઆત મંચાસીન પદાધિકારી બહેનો દ્વારા દીપ પ્રજ્વલન તથા ગણેશ વંદના શ્રીમતી રશ્મિબેન રાઠોડના સુમધુર કંઠે થઇ હતી. ત્યારબાદ મંચાસીન સર્વે પદાધિકારી બહેનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. તત્પશ્ચાત કાર્યક્રમની શરૂઆતમાં વિશ્વ મહિલા દિવસ પર શ્રીમતી રંજનાબેન ચાવડાએ પોતાના વિચાર રજુ કર્યા તેમજ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન વેગડ પોતાના ઉદ્‌બોધનમાં પોતાના સુંદર ભાવો રજુ કર્યા હતા. ત્યાર બાદ મહિલા મંડળના મંત્રી શ્રીમતી તનુજાબેને સત્ર ૨૦૧૯-૨૪નો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો. આ અહેવાલમાં મહિલા મંડળના અંતર્ગત થયેલા કાર્યોની જાણકારી આપવામાં આવી હતી.

અહેવાલ વાંચન બાદ નાણાંકીય હિસાબની રજુઆત કરવામાં આવેલ. જેને સર્વાનુમતે પાસ કરવામાં આવેલ. ત્યાર બાદ આભાર પ્રદર્શન શ્રીમતી વંદનાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ. મહિલાઓના મનોરંજન માટે રમત-ગમત રાખવામાં આવેલ. જેમાં સર્વપ્રથમ હાઉસી ગેમ રમાડવામાં આવી હતી. ત્યાર બાદ સંગીત ખુરશી તથા બોટલ ગેમ રમાડવામાં આવેલ. જેમાં બહેનોએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લઇ બહુ મજા માણી હતી. સર્વે વિજેતા બહેનોને પુરસ્કૃત કરવામાં આવેલ. ત્યાર બાદ નાના બાળકો માટે પણ સંગીત ખુરશી રાખવામાં આવેલ જેમાં વિજેતા બાળકોની સાથે જે સર્વે પ્રતિભાગી બાળકોને પુરસ્કાર રાશી આપવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં ભોજન સાથે આઇસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. સર્વેએ તેનો આનંદ લઇ છુટા પડ્યા હતા.

## પુના મહિલા મંડળ



વિશ્વ મહિલા દિવસના ઉપલક્ષ્યમાં પુના મહિલા મંડળ દ્વારા તા. ૯ માર્ચ ૨૦૨૪, શનિવારના, મહિલા મંડળ સભ્ય શ્રીમતી વર્ષાબેન તુલસીદાસભાઈ સોલંકીના નિવાસ્થાને મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાન ચાલીસા તથા અન્નપૂર્ણા માંની પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યારબાદ મહિલા મંડળ પ્રમુખશ્રી રમીલાબેન વેગડએ મીટીંગનું આયોજન તથા વિશ્વ મહિલા દિવસના બાબત માર્ગદર્શન કર્યું, તથા પુના મહિલા મંડળ તરફથી ઉપસ્થિત સર્વ બહેનોને ગુલાબ પુષ્પ અને એક વસ્તુ ભેટ આપવામાં આવી.

આ પ્રસંગે પુના મહિલા મંડળના જયેષ્ઠ પૂર્વ સભ્ય આ.

કમળાબેન નાનાલાલભાઈ ચૌહાણ (ઉંમર ૮૦ વર્ષ )નું તથા પુના મહિલા મંડળના સલાહકાર-સભ્ય, મુંબઈ પ્રાદેશિકના પ્રમુખ અને ઉદ્યોજીકા શ્રીમતી હસ્મિતાબેન ચૌહાણ આ બંનેનું શાલ ઓઢાડી સત્કાર કરવામાં આવ્યું.

ઉપસ્થિત બહેનોમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશન પૂર્ણ કરેલ અથવા શૈક્ષણિક સ્પેશિયલાઈઝેશન ડિગ્રી ડિપ્લોમા થયેલા બહેનોને મહિલા મંડળ પ્રમુખશ્રી રમીલા બેન વેગડ તરફથી ભેટ વસ્તુ આપવામાં આવી. મહિલા દિનના ઉપલક્ષમાં વિવિધ ગેમ રમી ઉપસ્થિત બહેનોને આનંદ માણ્યો. તેમાં ક્વીન ઓફ ધ ડે. આ એક્ટિવિટી ગેમમાં પાછલા ૩ સત્ર થી બીન વિરોધ પુના મહિલા મંડળના પ્રમુખશ્રીના રૂપે કાર્યભાર સંભાળનારા સૌના લાડકા પ્રમુખશ્રી આદરણીય રમીલાબેન વેગડને ''ક્વીન ઓફ ધી ડે'' આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યું. આ એક્ટિવિટીમાં ઉપસ્થિત બહેનોમાંથી કોઈ પણ એક બહેનના, બે સારા ગુણ લખવાના હતા. એમાં સૌથી વધારે અંક રમીલાબેન વેગડ ને પ્રાપ્ત થયા. સ્ત્રી સંબંધિત કવિતાનું કોઈપણ ભાષામાં કાવ્ય-વાંચન પ્રતિયોગિતાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાવ્ય વાંચનનો વિડીયો બનાવીને મૂકવાનો હતો. આ પ્રતિયોગીતામાં ત્રણ બહેનોને પારિતોષિક આપવામાં આવ્યા પ્રથમ ક્રમાંક - શ્રીમતી શીતલબેન સુમિતભાઈ મકવાણા, દ્વિતીય ક્રમાંક - શ્રીમતી ભૂમિકાબેન મનીષભાઈ રાઠોડ, તૃતીય ક્રમાંક - શ્રીમતી રમીલાબેન રમેશભાઈ વેગડ. આ મીટીંગના યજમાન શ્રીમતી વર્ષાબેન સોલંકી તથા પરિવાર એ ખૂબ સારી રીતે કાર્યક્રમનું આયોજન કર્યું હતું મહિલા મંડળ તરફે તેમને ધન્યવાદ આપી છેવટે સર્વ બહેનોએ સાથે અલ્પાહારનો સ્વાદ માણી આનંદથી છૂટા પડ્યા હતા.

## મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ)





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા બે દિવસીય ''નારી સર્વાંગી વિકાસ શિબિર''નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૯ ફેબ્રુઆરી-૨૦૨૪ના સવારે ૧૧.૦૦ થી ૫.૦૦ નો સમય રાખવામાં આવ્યો હતો. બોરીવલી સ્થિત આદ. કુસુમબેન પરમારના નિવાસ સ્થાને, શ્રીમતી કાજલબેન ચાવડા દ્વારા ''ટેરો રીડીંગ એન્ડ સ્વીચ નંબર'' ઉપર સેશન લેવામાં આવેલ હતું. ત્યાર બાદ શ્રીમતી ત્રિશાબેન ખોડિયાર દ્વારા વાસ્તુશાસ્ત્રની જાણકારી આપવામાં આવેલ હતી. મધ્યાહન ભોજન પછી આધ્યાત્મિક ક્ષેત્રે આદ. પ્રમિલાબેન ચાવડા દ્વારા 'ત્રિકાળ સંધ્યા'ની જાણકારી આપવામાં આવી હતી. અંતમાં આદ. કુસુમબેન પરમાર દ્વારા મધુ બની આર્ટ ઉપર હેન્ડસોન વર્કશોપ લેવામાં આવ્યો હતો.

તા. ૧૦ ફેબ્રુઆરીના આદરણીય નિર્મળાબેન કોન્ટ્રાકટર, કાંદીવલીના નિવાસ સ્થાને શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ શ્રીમતી દર્શનાબેન કોન્ટ્રાક્ટર દ્વારા પર્સનલ ગ્રુમીંગ એન્ડ સાડી ડ્રેપીંગ શીખવવામાં આવ્યું હતું. ત્યાર બાદ શ્રીમતી રસીલાબેન વેગડ દ્વારા નેચરોપેથી ઉપર જાણકારી આપવામાં આવેલ હતી. મધ્યાહન ભોજન બાદ શ્રીમતી નેહાબેન ટાંક દ્વારા ક્વીક બોક્સ અંતર્ગત વિવિધ કેક, કુકીઝ, બ્રેડનો લાઇવ વર્કશોપ લેવામાં આવ્યો હતો. મુંબઇ મહિલા મંડળની અનેક બહેનોએ આ શિબિરમાં હાજર રહી લાભ લીધો હતો.

## કલ્યાણ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કલ્યાણ મહિલા મંડળના સત્ર ૨૦૨૪-૨૬ માટે પ્રમુખ શ્રીમતી મીતાબેન વિનોદભાઇ ખોડિયાર સર્વના મતાનુસાર ચુંટાઇ આવ્યા હતા. તેમણે કમિટિ મેમ્બરોની નિમણુંક નીચે મુજબ કરી હતી. પ્રમુખ - શ્રીમતી મીતાબેન વિનોદભાઇ ખોડિયાર, ઉપપ્રમુખ - શ્રીમતી રીટાબેન


પ્રમુખ


મંત્રી

જયેન્દ્રભાઇ રાઠોડ, મંત્રી - શ્રીમતી જયશ્રીબેન ભરતભાઇ ચૌહાણ, ખજાનચી - શ્રીમતી પુષ્પાબેન વિજયભાઇ વાઢેર. નવા સત્રની શરૂઆતમાં કલ્યાણ મ.મંડળ પ્રમુખ શ્રીમતી મીતાબેન તથા તેમની ટીમ દ્વારા પહેલું આયોજન 'વનભોજન'નું તા. ૧૯-૧૨-૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. કલ્યાણમાં વાડેઘર સ્થિત શંકર ભગવાનનું મંદિરે ગયા હતા. મહિલા મંડળ દ્વારા સર્વે બહેનોને ઉંધીયાપાર્ટી કરી બાદ રમત-ગમત રમ્યા, હાઉસી રમી બાદ સર્વે ચા લઇ આનંદિત થઇ વિદાય લીધી હતી.

જાન્યુઆરીમાં નવા વર્ષની શરૂઆતમાં જ દર મંગળવારે આપણા રામ મંદિરમાં આપણા સમાજની સર્વે બહેનોએ આવી પાંચવાર હનુમાન ચાલિસાના પાઠનો પ્રોગ્રામ ૨-જાન્યુઆરી-૨૦૨૪થી ચાલુ કરવામાં આવ્યો છે. તેમાં સર્વે બહેનો ઉપસ્થિત રહે છે. તા. ૨૨ જાન્યુઆરીના રામજન્મભૂમિ અયોધ્યામાં ઉત્સવ હતો ત્યારે કલ્યાણ મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રીમતી રીટાબેનની મદદથી ઘટકની બહેનો પોતાના ઘરેથી પ્રસાદ બનાવી લાવ્યા અને ભગવાન શ્રી રામને અન્નકુટ ધરાવ્યો તથા નાની બાળાઓની કળશયાત્રા નીકળી બાળાઓને ભેટ આપવામાં આવી હતી.

મકરસંક્રાંતિ નિમિત્તે મહિલા મંડળ દ્વારા ૩૦-જાન્યુઆરીના રોજ હલ્દીકંકુનો પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વે બહેનો પ્રમુખ મીતાબેન તથા મંત્રી જયશ્રીબેન દ્વારા ગેમ રમાડવામાં આવી હતી. સહમંત્રી દ્વારા વાનની વહેંચણી કરવામાં આવી તથા નાસ્તો તથા ઠંડાપીણા બધાને આપી સૌ આનંદિત થઇ પોતાના ઘેર ગયા હતા. મુંબઇમાં ખારગરમાં ગાયત્રી અશ્વમેઘ યજ્ઞ બસ દ્વારા તા. ૨૩-૨ના ગયા હતા. તેમાં હવનમાં બેસવાનો લાભ સર્વે બહેનોને મળ્યો હતો.

## ભોપાલ મહિલા મંડળ





ભોપાલ મહિલા મંડળની મહિલાઓએ ચર્ચા કરી અને નક્કી કર્યું કે આપણે વસંતપંચમી મનાવશું અને આપણા બાળકોને એમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરીશું અને વસંતપંચમી વિશે જાણકારી આપીશું.

જેનાથી તેમનો ઉત્સાહ વધશે. વસંતપંચમી પછીના રવિવારે ભોપાલ મહિલા મંડળે વસંતપંચમીનું આયોજન કર્યું. આ કાર્યક્રમ ગીતાબેન પરમારને ત્યાં રાખવામાં આવ્યો. ગીતાબેન પોતે એક શિક્ષક છે એટલે એમને પોતાને ઘેર આ કાર્યક્રમ કરવાની બહુ જ ખુશી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં અમારી નાની બાલીકા સરસ્વતી માતા બની હતી અને અન્ય બાલીકાઓએ સરસ્વતી વંદના ગાયું. સરસ્વતી વંદના ઉપર નૃત્યની પ્રસ્તુતી પણ કરી. ત્યાર બાદ આ બધી બાલીકાઓને પુરસ્કાર પણ આપવામાં આવ્યું. માતાજીનું ભજન અને અલ્પાહાર પછી આ કાર્યક્રમ પુર્ણ થયો હતો.

## ગુલબર્ગા મહિલા મંડળ

૮ માર્ચના દિવસે ગુલબર્ગા ઘટક તથા કર્ણાટક પ્રાદેશિક સ્તરે ગુલબર્ગામાં પાંચ નારીનું સન્માન કરવામાં આવ્યું હતું. ચેતનાબેન રાજેન્દ્રભાઇ ચૌહાણ. જેઓ યાદગીરમાં કચ્છમાં થયેલ ભુકંપ પછી આવેલ અને જીરોથી નાના-મોટા કામ કરીને અત્યારે યાદગીમાં જનરલ સ્ટોર ચલાવે છે. વસુબેન રમેશભાઇ ચાવડા જેઓ ગુલબર્ગામાં ગૃહ ઉદ્યોગ ચલાવે છે. બહારના બધા ઓર્ડર લે છે. જેમાં ઉનાળામાં બનતી સુકવણી અને ફરસાણ બનાવે છે. યશુમતીબેન દિલીપભાઇ ચાવડા જેઓ પણ દાબેલી



અને ખમણ ઢોકળા બનાવે છે અને બહારના ઓર્ડર પણ લે છે અને અલગ-અલગ એકટીવીટીમાં પણ ભાગ લે છે. ભાવનાબેન સંજયભાઇ રાઠોડ તથા ગીતાબેન દયારામભાઇ રાઠોડ બન્ને

બહેનો છેલ્લા પાંત્રીસ વર્ષથી રૂપકલા બ્યુટી પાર્લર ચલાવે છે. સુરેખાબેન નિતીનભાઇ ચૌહાણ જેઓ પણ છેલ્લા વીસ વર્ષથી બ્યુટીપાર્લર ચલો છે. સુરેખાબેન લગ્ન પછી પાર્લરનો કોર્સ કરીને પાર્લર ચાલુ કરેલ છે.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મ.મંડળ



હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક દ્વારા તા. ૧૧-૦૨-૨૦૨૪, રવિવારના વેસ્તા ફાર્મ હાઉસમાં પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૮૦ સમાજના સભ્યોએ ભાગ લીધો હતો. ઘટક દ્વારા આખો દિવસના પિકનીકનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાસ્તો, બપોરનું ભોજન, અને રાત્રીનું ભોજન રાખી ખુબજ સરસ આયોજન કરવામાં આવેલ.

મહિલા મંડળ દ્વારા ગ્રુપ ગેમ, વોટર ગેમ, રેસ, બાળકો માટે ગેમ, કપલ ગેમ, તંબોલા, વગેરે રમાડવામાં આવેલ. ડી.જે. સાથે બધાએ ડાન્સ, ગરબા અને કપલ ડાન્સનો આનંદ લીધો હતો. બાળકોએ સ્વીમીંગ પુલમાં મજા માણી હતી. ઝુલા અને સેલ્ફી પોઇન્ટમાં બધા લોકોએ ફોટો લીધા હતા. આખો દિવસ મજા કરી ડીનર પછી બધા લોકોએ એકબીજાથી વિદાય લીધી હતી.

## નિઝામાબાદ મહિલા મંડળ



મહા મહિનાની પાંચમના રોજ વસંતપંચમી ઉજવવામાં આવે છે. આ દિવસે વિદ્યા સંગીત કલાની દેવી માતા સરસ્વતિની પૂજા કરવામાં આવે છે. પ્રથમ શરૂઆત ગણેશ વંદના કરી પછી સ્કુલના નાના બાળકો મળીને માં સરસ્વતીની પ્રાર્થના કરી કાર્યક્રમને ચાલુ કરેલ. આ પ્રસંગે નિઝામાબાદ મહિલા મંડળ દ્વારા આયોજીત વસંતપંચમીના સ્કુલના નાના બાળકોને નોટબુક્સ, પાટી-પેન, સ્ટીલના ગ્લાસ, ડસ્ટબીન વગેરે આપવામાં આવ્યા સાથે સાથે બધી બહેનો મળીને ગાયોને ઘાસચારો અને રોટલી ખવરાવવામાં આવી. રામમંદિર સ્કુલમાં આ કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો અને સૌ છુટા પડ્યા હતા.

## મરાઠવાડા પ્રા. મહિલા મંડળ



મરાઠવાડા પ્રાદેશિક સમિતિના માજી પ્રમુખ પ્રીતિબેન વરુ અને એમની ટીમ સબકા સાથ સબકા વિકાસ ૨૦૨૧ થી ૨૦૨૩ સુધીના સત્રમાં લેવામાં આવેલ કાર્યકાળ ત્રણ વર્ષના કાર્યકાળ પાડેલ છે ત્રણ વર્ષના કાર્યકાળમાં જે પ્રતિયોગિતા રાખવામાં આવેલ હતી એમાં સર્વ શ્રેષ્ઠ ઘટક અને જે બહેનો સર્વ પ્રતિયોગિતામાં ભાગ લીધેલ હતું એમને મરાઠવાડા મહિલા મંડળ તરફથી ઇનામ ઘોષિત કરવામાં આવેલ હતુ.

પ્રથમ હીંગોલી ઘટક, દ્વિતીય શ્રીરામપુર ઘટક બેસ્ટ ઘટક ઈનામ દેવામાં આવ્યું. જે બહેનો બધાએ પ્રતિયોગિતામાં ભાગ લીધેલ જેમાં (૧) સાચીબેન રાઠોડ (સંભાજી નગર), (૨) ભાવનાબેન ચૌહાણ (સંભાજીનગર), (૩) મંજુલાબેન મકવાણા (શ્રીરામપુર), સિનિયર સિટીઝનએ હરદમ ભાગ લેનાર અને સૌને પ્રોત્સાહિત કરતા એ બધાએ બહેનોને પ્રીતિબેન વરુ અને મરાઠવાડા મહિલા મંડળ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ.

## અનંતની યાત્રાએ...

વર્ધા (ખેડોઇ) નિવાસી શ્રી મનોહરભાઇ અમરશીભાઇ પરમાર (ઉ.વ.૭૮)નું તા. ૧૩-૦૩-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ઓખા (હાજાપર) નિવાસી ગં.સ્વ. પુષ્પાબેન અમૃતલાલભાઇ યાદવ (ઉ.વ.૭૨)નું તા. ૨૩-૦૨-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.

### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# યુવા મંચ




**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક**

250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 80071696





**મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી હેતુલ યતિનભાઈ જેઠવા**

ડી-૩, અમૃતવિહાર ડુપ્લેક્સ, હાથીતાલ કોલોની,
જબલપુર (મ.પ્ર.) ૪૮૨૦૦૧ મો. 7415400561
E-mail : hetuljethwa93@gmail.com


## :: સુધારો ::

સેતુ સમાજ સંદેશના માર્ચ-૨૦૨૪ના અંકમાં અખિલ ભારતીય યુવા મહામંડળના નવનિર્વાચીત પ્રમુખ શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંકનો પરિચયના હેડીંગમાં શરતચૂકથી અખિલ ભારતીય મહિલા મહામંડળના નવનિર્વાચીત પ્રમુખશ્રી એમ લખાયું હતું. જે સુધારીને ''અખિલ ભારતીય યુવા મહામંડળના નવનિર્વાચીત પ્રમુખ'' એમ વાંચવું.

## કોલફીલ્ડ પ્રાદેશિક યુવા મંડળ

સત્ર ૨૦૨૪-૨૬ માટે કોલફીલ્ડ પ્રાદેશિક યુવા મંડળની નીચે મુજબ ઘોષણા કરવામાં આવેલ હતી. જેમાં પ્રમુખ - શ્રી દિપક અર્જુનભાઇ ચાવડા, ચેરમેન - શ્રી ફરસુભાઇ ચાવડા, મહામંત્રી - શ્રી કૃનાલભાઇ ટાંક (રાંચી), સલાહકાર પ્રમુખ - શ્રી નરેશભાઇ ચાવડા, ઉપપ્રમુખ, શ્રી ચંદન કિશોરભાઇ ચાવડા, શ્રી ભાવેશ કાંતિલાલ પરમાર, મંત્રી - શ્રી લોમેશભાઇ પરમાર - મોગલસરાઇ, કોષાધ્યક્ષ - શ્રી વિકાસ બટુકભાઇ રાઠોડ, સહમંત્રી - શ્રી ભરત વિજયભાઇ ચાવડા તેમજ ૪ કાર્યવાહક સભ્ય, ૧ સલાહકાર સભ્ય તેમજ વિવિધ સમિતિના મંત્રીઓની નિમણુંક કરવામાં આવેલ હતી.

## વિદર્ભ પ્રાદેશિક યુવા મંડળ

સત્ર ૨૦૨૪-૨૬ માટે વિદર્ભ પ્રાદેશિક યુવા મંડળની નીચે મુજબ ઘોષણા કરવામાં આવેલ હતી. જેમાં પ્રમુખ - શ્રી નિતેશભાઇ ચૌહાણ - નાગપુર, ઉપપ્રમુખ - શ્રી સૌરભભાઇ ટાંક - ગોંદિયા, મહામંત્રી - શ્રી ઉમંગભાઇ ચૌહાણ - નાગપુર, સહમંત્રી - શ્રી જતીનભાઇ રાઠોડ - નાગપુર, મંત્રી - શ્રી જ્ઞાનેશભાઇ ચાવડા - નાગપુર, સહમંત્રી - શ્રી દિપેનભાઇ ચૌહાણ - ગોંદિયા, સલાહકાર પ્રમુખ - શ્રી ભાવેશભાઇ રાઠોડ - ગોંદિયા આ ઉપરાંત ૩ સલાહકાર સભ્યો તેમજ ૯ કારોબારી સભ્યો અને વિવિધ સમિતિના મંત્રી-સહમંત્રીશ્રીઓની વરણી કરવામાં આવી હતી.

## આંધ્ર પ્રાદેશિક યુવા મંડળ

સત્ર ૨૦૨૪-૨૬ માટે આંધ્ર પ્રાદેશિક યુવા મંડળની નીચે મુજબ ઘોષણા કરવામાં આવેલ હતી. જેમાં શ્રીમતી ભાવિકાબેન ભાવેશભાઇ પરમાર - પ્રમુખ - નિઝામાબાદ, શ્રી ભાવેશભાઇ પ્રભુલાલ પરમાર - ચેરમેન - નિઝમાબાદ, શ્રી શરદભાઇ શ્યામભાઇ ચાવડા - ઉપપ્રમુખ - હૈદ્રાબાદ, શ્રીમતી ઉર્મિલાબેન મયુરભાઇ પરમાર - મહામંત્રી - નિઝામાબાદ, શ્રી સ્નેહલભાઇ જેઠવા - મંત્રી - હૈદ્રાબાદ, શ્રી નિલેશભાઇ પ્રભુલાલ પરમાર - ખજાનચી - નિઝામાબાદ, શ્રી હર્ષદભાઇ ભુપેન્દ્રભાઇ પરમાર - સહ ખજાનચી - નિઝામાબાદ આ ઉપરાંત પાંચ કારોબારી સભ્ય અને વિવિધ સમિતિના સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## પશ્ચિમ ઓડિસા પ્રાદેશિક યુવા મંડળ

સત્ર ૨૦૨૪-૨૬ માટે પશ્ચિમ ઓડિસા પ્રાદેશિક યુવા મંડળની નીચે મુજબ ઘોષણા કરવામાં આવેલ હતી. જેમાં પ્રમુખ - શ્રી ભરત નટવરલાલ વરૂ - સંબલપુર, ઉપપ્રમુખ - શ્રી દિપક રતિલાલભાઇ ટાંક - ઝારસુગડા, મંત્રી - શ્રી મનિષ હરીશભાઇ પરમાર - રાઉરકેલા, સહમંત્રી - શ્રી શનિ અશોકભાઇ વેગડ - સંબલપુર, કોષાધ્યક્ષ - શ્રી ચેતન વિજયભાઇ રાઠોડ - ખરીયારરોડ, તથા બે સલાહકાર સભ્યો અને સાંસ્કૃતિક મંત્રીઓ સાથે ૧૧ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## મહાકૌશલ પ્રાદેશિક યુવા મંડળ

સત્ર ૨૦૨૪-૨૬ માટે મહાકૌલશ પ્રાદેશિક યુવા મંડળની નીચે મુજબ ઘોષણા કરવામાં આવેલ હતી. જેમાં પ્રમુખ - શ્રી ભુપેશ શશીકાન્તભાઇ ચૌહાણ - જબલપુર, ચેરમેન - શ્રી સંકેત સુધીરભાઇ રાઠોડ - જલપુર, ઉપપ્રમુખો - શ્રી પિયુષ પ્રવિણભાઇ પરમાર - જબલપુર, શ્રી સૌરભ દિપચંદભાઇ સોલંકી - છીંદવાડા, શ્રી દેવેશ હેમંતભાઇ પરમાર - સિવની, શ્રી ડિમ્પલ યશભાઇ ટાંક - સિવની, મહામંત્રી - શ્રી કુશલ

પુનિતનભાઇ પરમાર - જબલપુર, મંત્રીઓ - શ્રી લેખાંશુ મનોરભાઇ ટાંક - સિવની, શ્રી નમન ઉમનેશભાઇ ગોહિલ - છીંદવાડા, શ્રી વિનલ હિતેશભાઇ પરમાર - જબલપુર, શ્રી ચિરાગ સુરેન્દ્રભાઇ ચૌહાણ - જબલપુર, સહમંત્રીઓ - શ્રી રિગન જેઠાલાલ પરમાર - છીંદવાડા, શ્રી નમન આલોકભાઇ ખોડિયાર - શહડોલ, શ્રી યશ ચિમનભાઇ ટાંક - સિવની, શ્રી વિશાલ જોગેન્દ્રભાઇ ચૌહાણ - જબલપુર આ ઉપરાંત વિવિધ સમિતિના સભ્યો અને છ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળ

સત્ર ૨૦૨૪-૨૬ માટે છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળની નીચે મુજબ ઘોષણા કરવામાં આવેલ હતી. જેમાં પ્રમુખ - શ્રી ચંદ્રેશભાઇ દેવેન્દ્રભાઇ ટાંક - રાયગઢ, સલાહકાર પ્રમુખ - શ્રી તુષાર નટવરલાભાઇ ચૌહાણ - કોરબા, ઉપપ્રમુખો - શ્રી ચંદન સતિષભાઇ ટાંક - રાયગઢ, શ્રી નિલેશ નિર્મલભાઇ ચાવડા - ડોંગરગઢ, શ્રી ચેતન અશોકભાઇ પરમાર - રાયપુર, શ્રી પ્રશાંત મહેન્દ્રભાઇ યાદવ - કોરબા, મહામંત્રીઓ - શ્રી હિમાંશુ દિલીપભાઇ વેગડ - ડોંગરગઢ, શ્રી અનમોલ મહેન્દ્રભાઇ ટાંક - રાયગઢ, મંત્રીઓ - ભાવિકા પંકજ સોલંકી - રાયપુર, શ્રી રૂપેશભાઇ કિરણભાઇ પરમાર - ભિલાઇ, સહમંત્રીઓ - શ્રી ચિરાગ ત્રિભુવનભાઇ ચૌહાણ - કોરબા, શ્રી ઉમેશ જગદીશભાઇ રાઠોડ - કુમ્હારી, કોષાધ્યક્ષ - શ્રી ચિન્મય હેમંતભાઇ ચાવડા - રાયગઢ તથા સલાહકાર સભ્યો અને કારોબારી સભ્યો અને વિવિધ સમિતિના પ્રભારીશ્રીઓની વરણી કરવામાં આવી હતી.

## ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ

સત્ર ૨૦૨૪-૨૬ માટે ગુજરાત પ્રાદેશિક યુવા મંડળની નીચે મુજબ ઘોષણા કરવામાં આવેલ હતી. જેમાં પ્રમુખ - શ્રી નિલેશભાઇ પ્રતાપભાઇ સોલંકી - વડોદરા, ચેરમેન - શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ - વડોદરા, મહામંત્રી - શ્રી તુષારભાઇ હિમાંશુભાઇ ચાવડા - અમદાવાદ, ઉપપ્રમુખો - શ્રી નિતિનભાઇ હર્ષદભાઇ ચૌહાણ - અમદાવાદ, શ્રી માલવભાઇ જગદીશભાઇ વરૂ - વડોદરા, મંત્રીઓ - શ્રી દર્શનભાઇ અનિલભાઇ ચૌહાણ - અમદાવાદ, શ્રી હર્ષભાઇ દિલીપભાઇ ટાંક - વડોદરા, શ્રી આદર્શકુમાર રમેશભાઇ ચૌહાણ - અમદાવાદ, ખજાનચી - શ્રી મિતેશભાઇ ગૌતવભાઇ પરમાર - વડોદરા, સહ ખજાનચી - શ્રી યશભાઇ પંકજભાઇ ચૌહાણ (નિલ) - વડોદરા, સહમંત્રીઓ - શ્રી હિતેશભાઇ મણીલાલભાઇ વાઢેર - દ્વારકા, શ્રી અભિષેકભાઇ મહેન્દ્રભાઇ ચૌહાણ - જામનગર, સલાહકાર પ્રમુખ - શ્રી મયુરભાઇ શશીકાન્તભાઇ ચૌહાણ - અમદાવાદ તથા બે સલાહકાર સભ્યશ્રીઓ, વિવિધ સમિતિના પ્રભારી એવં કાર્યવાહક સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## કચ્છ પ્રાદેશિક યુવા મંડળ




સત્ર ૨૦૨૪-૨૬ માટે કચ્છ પ્રાદેશિક યુવા મંડળની નીચે મુજબ ઘોષણા કરવામાં આવેલ હતી. જેમાં પ્રમુખ - શ્રી જયભારત - અંજાર, સલાહકાર પ્રમુખ - શ્રી હિરેન ચૌહાણ - માધાપર, ચેરમેન - શ્રી જીગ્નેશ રાઠોડ - નાગલપર, મહામંત્રી - શ્રી પવન પરમાર - ગળપાદર, ઉપપ્રમુખ - શ્રી ધર્મેશ ચૌહાણ - અંજાર, ખજાનચી - શ્રી ઇશ્વર રાઠોડ - નાગલપર આ ઉપરાંત સલાહકાર સભ્યો તથા વિવિધ સમિતિના પ્રભારી એવં મંત્રી તેમજ સભ્યોની વરણી કરવામાં આવી હતી.

તા. ૧૦-૦૩-૨૦૨૪ના રોજ કુકમા સ્થિત શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના ચિંતન સાધના સ્થલી મધ્યે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કચ્છ પ્રાદેશિક યુવા મંડળના નવનિયુક્ત ટીમનો શપથવિધી સમારોહ યોજાયો હતો. કેસરી સાફા પહેરાવી સૌ નવનિયુક્ત ભાઇ-બહેનો આ કાર્યક્રમાં જોડાયા હતા. સમાજની સેવા કરતા પહેલા સૌ યુવાઓએ ગૌ પૂજન અને માતૃ-પિતૃ પૂજન કરી એમના આશીર્વાદ લઇ શપથ ગ્રહણ કર્યા હતા. આ સમારોહ સમાજના અગ્રણીઓ શ્રી મનોજભાઇ સોલંકી - ઉપપ્રમુખશ્રી મહાસભા, શ્રી બાબુભાઇ ચૌહાણ - પ્રમુખશ્રી કચ્છ પ્રાદેશિક સમિતિ, શ્રીમતી રીટાબેન ચૌહાણ - પ્રમુખશ્રી કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ અને શ્રી જયભારતભાઇ - પ્રમુખશ્રી કચ્છ પ્રાદેશિક યુવા મંડળની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

આ અવસરે યુવા મંડળના પ્રમુખશ્રી જયભાઇએ સૌ કાર્યકર્તાઓને વિનમ્રતા, અનુશાસન, સહજતા સાથે સમાજના નાનાથી નાના વ્યક્તિની સેવા સર્વોપરી છે અને એમની સેવા કરવા માટે યુવાનોને પ્રેરિત કર્યા હતા. એમને જણાવ્યું હતું કે, યુવાનો શૌર્ય અને સાહસનું પ્રતિક છે. યુવા શક્તિને જાગૃત કરવા માટે વિવિધ બોધપાઠ તેમણે રજુ કર્યા હતા. આ અવસરે શ્રી



રામકૃષ્ણ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તથા મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકીએ વસુધૈવ કુટુંમ્બકમના ભાવને સાર્થક કરવા સૌ યુવાનોને હાકલ કરી હતી. આપણે સૌએ સાથે મળીને એક આત્મનિર્ભર સમાજ બનવાનું છે અને બીજા નાના સમાજોને પણ સાથે લઇ તેમનું ઉત્થાન આપણું લક્ષ્ય હોવું જોઇએ. યુવાનોનું સમાજ પ્રત્યે શું યોગદાન હોવું જોઇએ એ સમજાવતા શ્રી મનોભાઇએ કહ્યું હતું કે, સમાજના જરૂરતમંદ લોકોની સેવા કરવી એ આપણું કર્તવ્ય છે. સ્વયં શિસ્તથી સમાજ કાર્ય કરવા પ્રેરિત કર્યા હતા. શ્રી બાબુભાઇ ચૌહાણ, શ્રીમતી રીટાબેન ચૌહાણે સૌ યુવાનોને ઉજ્જ્વળ ભવિષ્ય માટે આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી પ્રતિકભાઇ ટાંક - વરીષ્ઠ મહામંત્રીશ્રી અ.ભા.યુવા મહામંડળ, શ્રી ઉત્તમભાઇ - ઉપપ્રમુખશ્રી અ.ભા.યુવા મહામંડળએ ઉપસ્થિત રહી સૌ યુવાઓનો ઉત્સાહવર્ધન કર્યું હતું. કાર્યક્રમમાં સૌ નવનિયુક્ત યુવા ભાઇ-બહેનોને નિયુક્તિ પત્ર અને યુવાઓને પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદનું સ્મૃતિ ચિન્હ અર્પણ કરવામાં આવ્યું હતું. શ્રી પવનભાઇ પરમાર - મહામંત્રીશ્રી કચ્છ પ્રાદેશિક યુવા મંડળે સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને સૌ અતિથિઓનું આભાર માનતા કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના અગ્રણીઓએ આપેલ અમુલ્ય યોગદાન માટે હૃદયથી આભાર માન્યો હતો.

## સિનુગ્રા યુવા મંડળ





સિનુગ્ર સમાજની ત્રણે પાંખ ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ આયોજીત સરસ્વતી સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને વિશિષ્ટ સન્માનનું આયોજન કરવામાં આવ્યું અને બેડમીન્ટન ટુર્નામેન્ટનું આયોજન તા. ૨-૩-૨૪ થી ૭-૩-૨૪ સુધી કરેલ. ૯-૩-૨૪ના રોજ રંગારંગ કાર્યક્રમ કરવામાં આવ્યો. ઇનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઉત્સાહભેર વિશિષ્ટ સન્માનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

બેડમીન્ટન ટુર્નામેન્ટમાં ચાર વિભાગ હતા. ૫ થી ૧૫ વર્ષ અને ૧૫ થી ઉપરના છોકરા અને છોકરીઓ, ભાઇઓ અને બહેનો બધાની અલગ-અલગ વિભાગ રાખવામાં આવેલ. જેમાં ૬૦ ખેલાડીએ ભાગ લીધેલ અને ૨-૩-૨૪થી ટુર્નામેન્ટ ચાલુ કરેલ. સમાજના ભાઇઓ-બહેનો બહોળી સંખ્યામાં ભેગા મળીને સમાજ મેળાવડો થતો અને દાતાશ્રીઓ દ્વારા રાત્રે નાસ્તાનું આયોજન કરવામાં આવતું. મેગા ફાઇનલ મેચ તા. ૭-૩-૨૪ના રાત્રે ૯ વાગે રમાડવામાં આવી હતી. જેમાં છોકરા, છોકરીઓ, ભાઇઓ અને બહેનો ખુબજ ઉત્સાહભેર ખેલદીલીથી રમત રમીને વિજેતા થયેલા ૫ થી ૧૫ વર્ષના વિભાગમાં દર્શિલ કિશોરભાઇ ટાંક, ધૈર્ય દિનેશભાઇ પઢિઆર, દિયાબેન હેમંતભાઇ ટાંક, હનીબેન યોગેશભાઇ ચૌહાણ વિજેતા થયેલ અને ૧૫ વર્ષથી ઉપરમાં હેમંતભાઇ દેવરામભાઇ ટાંક, પાર્થભાઇ વિપીનભાઇ વાઢેર, બહેનોમાં પ્રગતિબેન રાઠોડ, નિશાબેન રાઠોડ વિજેતા થયેલ. વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કરથી પ્રોત્સાહિત કરવામાં આવેલ. દાતાશ્રી રાકેશભાઇ વી. ટાંક, કિશોરભાઇ પી. ટાંક, હરીશભાઇ પી. ટાંક તરફથી

પ્રોત્સાહિત કરવામાં આવેલ. ત્યાર બાદ સરસ્વતી સન્માન સાંસ્કૃતિક કાર્યક્રમ અને વિશિષ્ટ સિદ્ધી અને વિશિષ્ટ સન્માનનો કાર્યક્રમ તા. ૯-૩-૨૦૨૪, શનિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ. તેમાં નિમ્નકક્ષાથી ગ્રેજ્યુએટ, વિશિષ્ટ સિદ્ધી મેળવેલ વિદ્યાર્થીઓને ઇનામો આપીને વડીલો દ્વારા સન્માન કરવામાં આવેલ. સિનુગ્રા સમાજ દ્વારા ઘટકમાંથી જ દાતાઓએ ફાળો આપેલ. જેમાં ૩૫-૫૦ દાતાશ્રીઓનો સિંહ ફાળો મળેલ તેથી દાતાના સાથ-સહકારથી આ કાર્યક્રમ યુવા ભાઇઓ દ્વારા રંગેચંગે સફળ બનાવવામાં આવેલ. સિનુગ્રા સમાજના દાતાશ્રીઓનો આભાર માનવામાં આવેલ. ત્યાર બાદ અમારા વડીલ અને દાતાશ્રી રમણીકભાઇ વાઢેર, હરીશભાઇ વી. ટાંક, ધરમશીભાઇ વાઢેર, રાકેશભાઇ ટાંક, હનિશભાઇ પી. ટાંક, ઘટક, મહિલા મંડળ અને સમાજના વડીલ દાતાશ્રીઓનો સહયોગ મળેલ.

વિશિષ્ટ સન્માન જે સિનુગ્રા સમાજ માટે બહુ ખુશીની વાત છે. સિનુગ્રા સમાજનું ગૌરવ અને યુવા મંડળના પરમ મિત્ર માર્ગદર્શન આપનાર, કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી અને ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા પૂર્વ કચ્છ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડ વર્ગ-૧ તરીકેની નિમણુંક થયેલ અમારા સિનુગ્રાના યુવા ભાઇ શ્રી ભુમિતભાઇ ઉમાકાન્તભાઇ વાઢેરને ઉચ્ચ પદવી મળેલ તેથી તેમના પરિવાર સમાજમાં નામ રોશન કર્યું. ભુમિતભાઇ એક સરળ સ્વભાવ, માર્ગદર્શક તેમજ વર્ષોથી સમાજ કાર્યો અને જાહેર કાર્યક્રમમાં અગ્રેસર રહેલા તેમના માતા-પિતા અને માતાજીના આશીર્વાદથી ઉતરોત્તર પ્રગતિ કરતા રહે. ભુમિતભાઇ સિનુગ્રા ગામના સરપંચ પદે પણ સેવા આપેલ રહેલ તેથી તા. ૯-૩-૨૪ના રોજ તેમનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્ટેજનું સંચાલન મહિલા મંડળની બહેનો દ્વારા ભુક્તિબેન ચાવડા, નિરાલીબેન ટાંક દ્વારા કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવામાં આવેલ તેમજ બેડમીન્ટન ટુર્નામેન્ટનું માર્ગદર્શન આપનાર હેમંતભાઇ ટાંક દ્વારા કરવામાં આવેલઅને આ સંપૂર્ણ કાર્યક્રમ યુવા મંડળના દરેક સભ્યોની જહેમતથી સફળ બનાવવામાં આવેલ. જેમાં પ્રમુખ શ્રી વિશાલભાઇ ચૌહાણ, નિરવભાઇ ટાંક, ધીરેન ચૌહાણ, પાર્થ ટાંક, પ્રતિક ચાવડા, મિલન ટાંક, કિરણ રાઠોડ, પાર્થ વાઢેર, તારતમ વાઢેર, હિતેન ચાવડા, તેજસ ચાવડા, હિરેન ટાંક, કિશન ટાંક, ધાર્મિક ટાંક, દિપેન રાઠોડ, પ્રતિક ચાવડા, વિશાલ રાઠોડ, કુંજ વાઢેર, નિખિલ ટાંક, ખુશાલ ટાંક તેમજ યુવા મંડળના ભાઇઓ દ્વારા સાથ-સહકારથી આ કાર્યક્રમ સફળ બનાવવામાં આવેલ. આભારવિધી યુવા ભાઇ શ્રી દિનેશભાઇ ચાવડા દ્વારા કરવામાં આવેલ.

## અમદાવાદ યુવા મંડળ



તા. ૨૧-૧-૨૦૨૪, રવિવારના રોજ અમદાવાદ યુવા મંડળ દ્વારા નિકોલ વિસ્તારમાં બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉથી જ ગુગલ ફોર્મ મારફતે ખેલાડીઓનું રજીસ્ટ્રેશન લેવામાં આવ્યું હતું અને વિસ્તાર પ્રમાણે અલગ અલગ ખેલાડીઓની ટીમ બનાવવામાં આવી. જેમાં સાબરમતી, ગાંધીનગર, નરોડા, નિકોલ, બાપુનગર, મણીનગર, વસ્ત્રાલ, ઓઢવ, વસ્ત્રાપુર તથા મેમનગર જેવી અલગ-અલગ વિસ્તારોમાંથી ખેલાડીઓએ આ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

## સમાજ ગૌરવ




દુર્ગ નિવાસી શ્રી રાહુલભાઇ રમેશભાઇ ચૌહાણ અને શ્રીમતી રૂચિતાબેન રાહુલભાઇ ચૌહાણની સુપુત્રી કુ. પલાક્ષીને ૨૪-૧૨-૨૦૨૩ના ઓલ ઇન્ડીયા ડાન્સ કમ્પીટીશનમાં કથ્થકના જુનિયર કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાષ્ટ્ર સ્તરે દુર્ગ ઘટક તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખુબ ખુબ અભિનંદન સહ ઉતરોત્તર પ્રગતિની શુભકામના....



તા. ૦૩-૦૩-૨૦૨૪, રવિવારના રોજ કચ્છ લોકસભા દ્વારા આયોજીત ૪૦૦ મીટર અને ૧૫૦૦ મીટર એથ્લેટીકસ ટુર્નામેન્ટમાં આદિપુર ઘટકના યુવા શ્રી અનમ દિપેશભાઇ પરમારએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી પરિવાર તથા આદિપુર ઘટકનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની શુભકામના....

KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191




TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750 Rajen A. Rathod - 9898 907744

Ashok A. Rathod - 9898 907740 Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા


Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

## માધવ સ્વીમીંગ – કુકમા











આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

## શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

## શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

## માધવ સ્વીટ એન્ડ નમકીન



શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



vedbhumi

# VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
# VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

---

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

**(Chandia)**




Khodiyar Engineering Works

Urja Engineering Company

Perfect Power Systems

Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009



*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric · AVOCAB WIRES & CABLES · HPL The Power of Technology · connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**

**Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761**

**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**

**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director

UNITRON

*The Instrumentation People*

## UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on April-2024
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી પરિવાર

## SHREE RAM GROUP OF INDUSTRIES

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. 30/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

## દાન માટે અપિલ :-

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
**PAN NO. AABTS 4600 B**

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક, માનદ્ તંત્રી અને પ્રકાશક : કાર્યવાહક પ્રમુખ શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.